આજનો સુવિચાર

એટલું અભિમાન ન હોવું જોઈએ કે મને કોઈની જરૂર ન પડે અને એવો વહેમ પણ ન હોવો જોઈએ કે મારી જરૂર બધાને પડશે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૮૩ જૂનાગઢ તા.૧૭-૦૩-૨૦૨૫ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 83, Junagadh : Date : 17 March, 2025, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## દેશભરમાં ગંભીર વીજ સંકટ સર્જાવાના સંકેતો

### કાળઝાળ ગરમીમાં વીજ પુરવઠાની તિવ્ર અછત સર્જાશે : ગ્રીડ ઓપરેટર્સે ચેતવણી આપી



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭: દેશભરમાં તાપમાન નો પારો સતત વધી રહ્યો છે. અને ફેબ્રુઆરી-માર્ચમાં જ ગરમી રેકોર્ડ તોડી રહી છે. આવી સ્થિતિમાં, જો તમે પણ પંખા, કુલર અને એસીની મદદ લઈ રહ્યા છો, તો તમે મોટી મુશ્કેલીમાં મુકાઈ શકો છો. હા, આગામી દિવસોમાં દેશભરમાં ગરમી ચરમસીમાએ પહોંચશે. જોકે, આની સાથે, બીજી એક મોટી સમસ્યા પણ આવી શકે છે, તે છે પાવર કટ. ભારતના ટોચના ગ્રીડ ઓપરેટરે ઉનાળાની ઋતુ દરમિયાન દેશભરમાં વીજ કાપ અંગે ગંભીર ચેતવણી જારી કરી છે. આ મુજબ, મે અને જૂનમાં ભારે માંગને કારણે વીજળીની તીવ્ર અછત સર્જાઈ શકે છે અને આ સમય દરમિયાન વીજળી કાપનું જોખમ સૌથી વધુ રહેશે.

નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટર એ તાજેતરમાં વીજ પુરવઠો અને તેના વપરાશ અંગે એક અહેવાલ બહાર પાડ્યો છે. આ મુજબ, મે-જૂનમાં દેશમાં વીજળીની માંગ ૧૫ થી ૨૦ ગીગાવોટ સુધી પહોંચી શકે છે. NLDCના મતે, મે મહિનામાં આ માંગ સૌથી વધુ રહેશે અને આ માંગને પૂરી કરવી અત્યંત મુશ્કેલ બનશે.

## અંતરીક્ષમાં ફસાયેલા સુનિતા વિલ્યમ્સના આવતીકાલે પૃથ્વી પર પરત ફરવાની આશા

(એજન્સી) ન્યુયોર્ક,તા.૧૭: છેલ્લા ૯ મહિના કરતા વધુ સમયથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર ફસાયેલી સુનિતા વિલિયમ્સના પરત ફરવા અંગે સારા સમાચાર આવ્યા છે. નેશનલ એરોનોટિકસ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા) એ જણાવ્યું હતું કે સુનિતા વિલિયમ્સ અને તેમના સાથીદાર બુચ વિલ્મોર ૧૮ માર્ચ મંગળવારની સાંજે પૃથ્વી પર પાછા ફરશે. રવિવારે સ્પેસએકસનું



અવકાશયાન ક્રૂ-૧૦ બે અવકાશયાત્રીઓને પળથ્વી પર પાછા લાવવા માટે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પહોંચ્યું હતું. આ પછી ભારતીય મૂળની સુનિતા વિલિયમ્સ માટે ઘરે પાછા ફરવાનો માર્ગ ખુલ્યો છે.

નાસાએ ગત સાંજે એક નિવેદન જારી કરીને કહ્યું કે ક્રૂ-૧૦નું સમુદ્રમાં સ્પ્લેશડાઉન મંગળવારે સાંજે લગભગ ૫:૫૭ વાગ્યે થશે. એટલે કે સુનિતા વિલિયમ્સ ૧૯ માર્ચે ભારતીય સમય મુજબ સવારે ૩:૩૦ વાગ્યે પૃથ્વી પર પરત ફરશે. અગાઉ તેમના પરત ફરવાનો સમય બુધવારનો નક્કી કરવામાં આવ્યો હતો. જોકે, હવામાનનો અંદાજ કાઢયા પછી, તે વહેલું નક્કી કરવામાં આવ્યું છે. નાસાએ કહ્યું છે કે પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

## યમનના હુથીઓએ વળતો પ્રહાર કર્યો અમેરીકાના યુધ્ધ જહાજ પર હુમલો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭: અમેરિકાએ યમન સ્થિત અને ઈરાન સમર્થીત હુથી સંગઠનના ત્રાસવાદીઓ સામે ઉતરીય રેડ-સી ક્ષોત્રમાં શરૂ કરેલી એરસ્ટ્રાઈક અને હુથી-યમનના પાંચ બાળકો સહિત ૫૩ના થયેલા મોત વચ્ચે હવે હુથી સંગઠને છેલ્લા ૨૪ કલાકમાં બે વખત અમેરિકી યુદ્ધ જહાજો પર રોકેટ તથા મિસાઈલ દાગતા તનાવ વધી ગયો છે.

હુથી સંગઠનના પ્રવકતાએ જાહેર કર્યુ કે, ૨૪ કલાકમાં બીજી વખત હુથી લડવૈયાઓએ મીસાઈલ અને ડ્રોનથી અમેરિકી યુદ્ધજહાજ યુએસએસ ટ્રૂમેન અને તેના અનેક સાથી જહાજો પર હુમલો કર્યો હતો. હુથીએ દાવો કર્યો કે તેના દ્વારા ૧૮ મિસાઈલ અને એક ડ્રોનથી આ હુમલા કરાયા છે.

બીજી તરફ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યમનમાં હુથી સહિતના સંગઠનો પર હુમલા વધારવા આદેશ આપ્યો છે. અમેરિકા આ ક્ષેત્ર જે રેડ-સી રૂટ તરીકે ઓળખાય છે તેમાંથી પસાર થતા વ્યાપારી જહાજો ખાસ કરીને ઈઝરાયેલ અને અમેરિકી જહાજોને નિશાન બનાવી રહ્યા છે. આ ક્ષેત્ર સમુદ્રી વ્યાપારી રૂટના ૧૨% જેટલા જહાજો માટે માંગ છે.

## ગ્લોબલ વોર્મિંગ : સમુદ્રનું જળસ્તર ભયજનક રીતે વધી રહ્યું છે : મુંબઈ સહિત સેંકડો શહેરો ડૂબી જવાનો ભય

(એજન્સી) ન્યુયોર્ક તા.૧૭ ધરતીનું તાપમાન વધી રહ્યુ છે અને તેની સૌથી મોટી અસર મહાસાગરો પર જોવા મળી રહી છે.નાસાના તાજેતરનાં રિપોર્ટ મુજબ ૨૦૨૪ માં સમુદ્રનું જલસ્તર ધારણાથી વધુ ઝડપથી વધ્યું જેથી મુંબઈ સહિત સેંકડો તટીય શહેરોના ડૂબવાનો ખતરો વધી ગયો છે.

વૈજ્ઞાનિકોએ તેને ધીમી તબાહી કહી છે. જે વિકરાળ રૂપ ધારણ કરી શકે છે. નાસાએ ૨૦૨૪ માં સમુદ્રનાં જલસ્તરમાં ૦.૧૭ ઈંચના વધારાનું અનુમાન લગાવ્યુ હતું પણ અસલમાં તે ૦.૨૩ ઈંચ વધી ગયુ હતું.

આ અંતર મામુલી નથી કારણ કે જલસ્તરની આ ઝડપનો મતલબ છે કે મહાસાગરો વધુ ગરમ થઈ રહ્યા છે અને ગ્લેશીયર ઝડપથી પિગળી રહ્યા છે.નાસાના વૈજ્ઞાનિક જોશ વિલીસે ચેતવણી આપતા જણાવ્યું છે કે દર વર્ષે જલસ્તરમાં ફેરફાર થાય છે. પરંતુ હવે તે અગાઉથી વધુ ઝડપથી વધી રહ્યા છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ૧૯૯૬ થી અત્યાર સુધી સમુદ્રનું જલસ્તર ૩.૯૭ ઈંચ વધી ચુકયુ છે.પરિસ્થિતિ આવી જ રહી તો ૨૦૪૦ સુધીમાં તેમાં ૨.૭૫ વધુ વધારો થઈ શકે છે.

યુનિવર્સીટી ઓફ રીડીંગનાં જલવાયુ વૈજ્ઞાનિક પ્રોફેસર રિચર્ડ એલને આ સ્થિતિને 'ધીમી પરંતુ નિશ્ચિત' તબાહી કહી છે.

## મહારાષ્ટ્રમાં સંભાજીનગર સ્થિત ઔરંગઝેબની કબરનો નાશ કરવા હિન્દુ સંગઠનો મેદાને

(એજન્સી) મુંબઈ,તા.૧૭ મહારાષ્ટ્રના સંભાજીનગરમાં સ્થિત ઔરંગજેબની કબરનો વિવાદ વકર્યો છે. અયોધ્યામાં બાબરી મસ્જીદના ધોરણે કારસેવા કરીને આ કબરનો નાશ કરી દેવા વિશ્વહિન્દુ પરિષદે એલાન કર્યુ છે. છત્રપતિ શિવાજી મહારાજની જયંતિએ ઔરંગજેબની કબરનો નાશ કરવાનુ એલાન કરાયુ છે.

### આજે શિવાજી જયંતિ નિમિતે વિશ્વ હિન્દુ પરીષદ-બજરંગદળ દ્વારા વિરોધ પ્રદર્શનો : કારસેવા કરવાનું એલાન

વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય પ્રવકતા વિનોદ બંસલે કહ્યું કે, આજે શિવાજી મહારાજની જયંતિ છે. તેઓએ હિંદથી સ્વરાજય તથા તેની રક્ષા માટે પોતાની ત્રણેય પેઢી દાવ પર લગાવીને મુગલ સામ્રાજયના પાયા હચમચાવી નાખ્યા હતા.

હવે દેશમાં 'સ્વ'ની સ્થાપના તથા ગુલામીના ચિહનો-માનસિકતા નામશેષ કરવાનો સમય આવી ગયો છે. ઔરંગજેબ પછી તેની કબરનો પણ નાશ થવો જોઈએ. સમગ્ર મહારાષ્ટ્રમાંથી ઔરંગજેબની પ્રતિમા હટાવવા સરકાર સમક્ષ માંગ કરવામાં આવી છે.

સંભાજીનગરમાં ઔરંગજેબની કબર છે. તેઓએ સંભાજી મહારાજની ઘણી યાતના આપી હતી એટલે તેની કબર ન હોવી જોઈએ. તેમ જણાવી કારસેવા કરીને કબરને હટાવવાની ધમકી આપવામાં આવી છે.

## ક્રુડ ઓઈલનો ભાવ ૪૨ મહિનાના તળીયે પહોંચ્યો પેટ્રોલ-ડીઝલના ભાવ કયારે ઘટશે ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭: વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ૪૨ મહિનામાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયા છે. આનાથી સ્થાનિક બજારમાં પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં ઘટાડો થવાની શકયતા પણ ઊભી થઈ રહી છે, પરંતુ અમેરિકા તમારી યોજનાઓ બગાડી શકે છે. માર્ચના પહેલા પખવાડિયામાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો સરેરાશ ભાવ ઘટીને ૪૨ મહિનાના નીચલા સ્તરે ૭૧.૨૦ પ્રતિ બેરલ થયો. આનું કારણ ચીનની આર્થિક મંદી, રશિયા-યુક્રેન સંઘર્ષમાં યુદ્ધવિરામ માટેના આંતરરાષ્ટ્રીય પ્રયાસો અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો તેલ ઉત્પાદન વધારવાનો સંકલ્પ હોવાનું કહેવાય છે.

## દેશભરમાં ઓનલાઈન સટ્ટાબાજી-જુગારની ગતિવિધીઓમાં ભારે ઉછાળો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭: ભારતમાં હાલના વર્ષોમાં ગેરકાયદે સટ્ટાખોરી અને જુગારની ગતિવિધીઓમાં મોટો વધારો થયો છે.વેબસાઈટોને બ્લોક કરવા એડવાઈઝરી જાહેર કરવા તથા સરકારના વારંવાર હસ્તક્ષેપ છતાં ગેરકાયદે ઓપરેટર સતત ફુલીફાલી રહ્યા છે. ડિઝીટલ ફાઉન્ડેશન રિપોર્ટમાં દાવો કર્યો છે કે માત્ર ત્રણ મહિના (ઓકટોબરથી ડિસેમ્બર)માં જ ચાર મુખ્ય સાઈટ પર ૧.૬ અબજ વિઝીટ કરાઈ છે.

રિપોર્ટમાં ચાર પ્લેટફોર્મ પર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેમાં પરીમેચ, સ્ટેક, વન એકસ બેટ અને બેટ્રી બેટ સામેલ છે. ગેરકાયદે સટ્ટાબાજી સાઈટો પર ઓર્ગેનીક સર્ચ ટ્રાફિક ૧૮.૪ કરોડ લિમિટ છે.

ઓર્ગેનીક સર્ચનો આંકડો સોશ્યલ મિડિયા દ્વારા સંચાલિત ટ્રાફીકથી વધુ છે.પ્રત્યેક ઓપરેટર વિનિયામક પ્રતિબંધોથી બચવા અનેક મિરર વેબસાઈટ બનાવી રાખે છે. એડવાન્સ ડિઝીટલ માર્કેટીંગ રણનીતિ સરળ પેમેન્ટની વ્યવસ્થા અને મિરર વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવે છે.

## યુપીના હાથરસમાં પ્રોફેસરે વિદ્યાર્થીનીઓનું ૨૦ વર્ષ સુધી યૌન શોષણ કર્યુ

(એજન્સી) હાથરસ, તા.૧૭: ઉત્તર પ્રદેશના હાથરસમાં એક શરમજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જ્યાં શિક્ષણનું મંદિર કહેવાતી ડિગ્રી કૉલેજના શિક્ષકના ઘૃણાસ્પદ કૃત્યથી શિક્ષણ પ્રણાલી શરમજનક બની છે. આરોપી પ્રોફેસર આ ડિગ્રી કૉલેજમાં ભણતી વિદ્યાર્થિનીઓને પરીક્ષામાં સારા માર્કસ અને સરકારી નોકરી અપાવવાની લાલચ આપીને બળાત્કાર કરતો હતો અને તેમના અશ્લીલ વીડિયો અને ફોટા બનાવીને તેમને બદનામ કરવાની ધમકી આપતો હતો. હવે તેનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થતા શહેરમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. પોલીસે આરોપી પ્રોફેસર વિરુદ્ધ કેસ નોંધીને તેની શોધ શરૂ કરી છે.

પીસી બાગલા ડિગ્રી કૉલેજના ચીફ પ્રોક્ટર રજનીશ પર વિદ્યાર્થીનીઓનું જાતીય શોષણ કરવાનો આરોપ લાગ્યો છે. કોતવાલી હાથરસ ગેટ પોલીસે પ્રોફેસર સામે બળાત્કાર સહિત અનેક કલમો હેઠળ કેસ નોંધ્યો છે. પ્રોફેસરના અશ્લીલ કૃત્યોના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહયા છે. પ્રોફેસર પર ૨૦ વર્ષ સુધી વિદ્યાર્થીનીઓનું શોષણ કરવાનો આરોપ છે. તે વિદ્યાર્થિનીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરાવવા અને સરકારી નોકરી અપાવવાના બહાને બળાત્કાર કરતો હતો અને વિદ્યાર્થિનીઓને અશ્લીલ વીડિયો અને ફોટોગ્રાફ્સ બનાવીને ધમકી પણ આપતો હતો.

## અયોધ્યા રામ મંદિર ટ્રસ્ટે સરકારને રૂા.૪૦૦ કરોડનો ટેકસ ચુકવ્યો

(એજન્સી) અયોધ્યા, તા.૧૭: અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરનું કામ ૯૬ ટકા પૂર્ણ થયું છે. એવું માનવામાં આવે છે કે જૂન સુધીમાં મંદિર સંપૂર્ણપણે તૈયાર થઈ જશે. અત્યાર સુધીમાં મંદિર પર ૨૧૫૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે અને ટ્રસ્ટે GST સહિત વિવિધ વસ્તુઓમાં ૩૯૬ કરોડ રૂપિયા સરકારને કર તરીકે આપ્યા છે. મણિ રામદાસ છાવણી ખાતે યોજાયેલી શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠક બાદ ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે આ માહિતી આપી હતી.


Sterling HOSPITALS
Rajkot
મગજ અને જ્ઞાનતંતુઓનાં રોગોના
નિષ્ણાંત ડોકટર દ્વારા ખાસ ઓપીડી
આપના શહેર જૂનાગઢમાં
તારીખ: 18 માર્ચ, મંગળવાર
સમય: સવારે 10:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી
ઓપીડી સ્થળ: સતાસીયા સર્જીકલ હોસ્પિટલ, ઝાંઝરડા ચોક, જૂનાગઢ
ડો. મિતુલ કાસુન્દ્રા
MD, DM (Neurology)
કન્સલ્ટન્ટ, ન્યુરો ફિઝિશિયન
નિયમિત દર મહિનાનાં ત્રીજા મંગળવારે ઓપીડી
નામ લખાવવા માટે સંપર્ક કરો: 63559 41133
વધુ માહિતી માટે: 95740 00698

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
કોઈપણ જાતનાં સંક્રમણને રોકવા રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો....
દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્રનું નં.૧સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG ટેન્ક રીટેસ્ટીંગ ઓનલાઈન પ્લાન્ટ
A.S. Auto Gas
CNG ફીટીંગ સેન્ટર
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ટોરેન્ટ ગેસની પાસે, ખામધ્રોળ ચોકડી, જૂનાગઢ

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

હવે 3.21KW SOLAR ROOFTOP SYSTEM લગાવો માત્ર
₹1,55,000 થી શરૂ
78000/- GOVERNMENT SUBSIDY
BAJAJ FINSERV
સરળ EMI
10 YEAR WARRANTY
અપાર્ટમેન્ટ, બંગલો, હોટેલ, હોસ્ટેલ, હોસ્પીટલ, ગેસ્ટ હાઉસ, ફાર્મ હાઉસ,
રીસોર્ટ તેમજ ઈન્ડસ્ટ્રીઝ માટે સ્પેશ્યલ સોલાર ઉપલબ્ધ...
redren Uratom WAAREE adani Solar

ઓલ ટાઈપ ઓફ R.O. ફીલ્ટર સોલ્યુશન્સ માટે સમજદાર લોકોની પસંદ માત્ર...
FREE
KRISHNA MARKETING
સેલ્સ એન્ડ સર્વિસ
સ્પેશ્યલ ઓફર
RO સર્વિસ માત્ર ₹149
નવા R.O. ફિલ્ટર માત્ર ₹ 4000 થી શરૂ
ડોમેસ્ટીક, કોમર્શીયલ, ઈન્ડસ્ટ્રીયલ R.O. તથા વોટર કુલરની વિશાળ રેન્જ
શ્રી ક્રિષ્ના માર્કેટીંગ
વિજય આહિર 95100 55593
શોપ નં. ૧૦૪, સ્ટાર પ્લેટીનમ કોમ્પલેક્ષ, મધુરમ, જૂનાગઢ

ઓસ્ટ્રેલિયામાં ભારતીય ઉત્સવ પરંપરા અને સનાતન ધર્મની અનુભૂતિ

# ઓસ્ટ્રેલિયાના સિડની મહાનગર ખાતે બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસરમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝની ઉપસ્થિતિમાં ભવ્યતાથી ઊજવાયો રંગોત્સવ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

ઓસ્ટ્રેલિયાના સિડની મહાનગર ખાતે બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસરમાંપરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી એન્થોની અલ્બેનીઝની ઉપસ્થિતિમાં ભવ્યતાથી રંગોત્સવ ઉજવાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજવતી સંતોએ તેમનું પુષ્પહાર અને અમૃત કળશ દ્વારા સન્માન કર્યુ હતું. આ પ્રસંગે બી.એ.પી.એસ. સંસ્થા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના કાર્યોથી પ્રભાવિત થઈ તેમણે પોતાની ભાવોર્મિઓ રજૂ કરતા જણાવ્યું, 'અહીં આપ સૌ વચ્ચે ઉપસ્થિત રહેવું એ ખરેખર સદ્ભાગ્યની વાત છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. આવા પવિત્ર સ્થાન પર, આજના ખાસ ઉત્સવદિને મને આજે અહીં મારી સાથી સભ્યો સાથે આપ સૌ વચ્ચે ઉપસ્થિત રહેવાનો મોકો મળ્યો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરું છું. તેઓ જે સંદેશ આપે છે તે બધા જ ઓસ્ટ્રેલિયનવાસીઓ માટે છે, કે બીજાના ભલામાં આપણું ભલું છે. સ્વામીજી, અમે આપના ખૂબ આભારી છીએ કે આપે ભારતથી અહીં પધારી આ ઉત્સવ માટે સિડની શહેરની પસંદગી કરી. બી.એ.પી.એસ. સંસ્થાના ૧૧૫ કરતા વધુ વર્ષોના ઈતિહાસમાં આ લાભ બીજીવાર અમને મળી રહ્યો છે. દસ વર્ષ પહેલાં આપે જે જગ્યાને પ્રસાદીભૂત કરી હતી, આજે એ જ જગ્યાએ ઉપસ્થિત રહી અમે ધન્યતા અનુભવીએ છીએ. ઓસ્ટ્રિલયન લોકો વતી હું આપને કહેવા માંગુ છું કે આપનું અહીં સદાય સ્વાગત છે. રંગોનો આ મહાન ઉત્સવ, સૌને આસુરી પર દૈવીના વિજયનો ઉત્તમ સંદેશ આપે છે. રંગોનો આ ઉત્સવ ભારતીયોએ ઓસ્ટ્રેલિયન કેલેન્ડરને આપેલી એક ઉત્તમ ભેટ છે. આજે આપણે એક એવા સ્થાનની ઉજવણી કરી રહ્યા છીએ જે આ દેશને મળેલી અમૂલ્ય ભેટ છે અને એ છે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસર. સ્વામીજીના સંકલ્પ મુજબ આ ભવ્ય મંદિર અહીં આકાર લઈ રહ્યું છે. આ મંદિર એ માત્ર ભક્તિનું સ્થાન નહીં, શાંતિ અને પવિત્રતાનું સ્થાન છે. કોઈપણ ભેદભાવ વગર દરેકને ગૌરવનો અનુભવ થાય તેવું સ્થાન છે.

આ મંદિરનું નિર્માણ કાર્ય સંપૂર્ણપણે પૂર્ણ થશે ત્યારે તે ઓસ્ટ્રિલિયાનું સૌથી મોટું હિન્દુ મંદિર હશે. શાંતિની શોધ કરનારા સૌ કોઈ માટે આ એક અતુલ્ય સ્થાન હશે. હિન્દુ સમુદાય આ દેશનું એક અભિન્ન અંગ છે. અને તેના માટે જેટલું કરીએ એટલું ઓછું છે. ઓસ્ટ્રિલિયા આજે જે કાંઈ પણ છે તેના કારણોમાં પેઢીઓથી આપ સૌએ ઓસ્ટ્રેલિયા માટે જે કર્યું છે તે પણ છે. અને આપ સૌ આ આધુનિક ઓસ્ટ્રિલિયાનો એક ખૂબ જ અગત્યનો ભાગ છો. સ્વામીજી શીખવે છે કે સંપ એ શક્તિ છે. જ્યારે સંપથી કાર્ય કરીએ છીએ ત્યારે કશું જ અશક્ય નથી. ૧૯૯૧માં જ્યારે એક પ્રવાસી યુવાન તરીકે મે ભારતની પ્રથમ મુલાકાત લીધી ત્યારથી મને ભારત અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અનહદ લગાવ રહ્યો છે. તેમાંય નવી દિલ્હી ખાતે અક્ષરધામની મુલાકાત મને આજે પણ યાદ છે. ઓસ્ટ્રિલિયામાં આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસર ખૂબ જ મહત્વનો ભાગ ભજવશે. હું માનું છું કે આ મંદિર ઓસ્ટ્રેલિયાના અક્ષરધામ તુલ્ય હશે.

આપના સમુદાયમાં એક મહાન શક્તિ છે. બી.એ.પી.એસ.ના તમામ સ્વયંસેવકો અને આપના સમુદાયના સૌ સભ્યોએ આ માટે ગૌરવ અનુભવવું જોઈએ. સ્વામીજી, આપને પ્રણામ સાથે ઓસ્ટ્રેલિયામાં, આપના ઘરમાં, આપનું સ્વાગત છે.'પૂજ્ય મહંત સ્વામી મહારાજે સિડની ખાતે મંદિરના વિશાળ પરિસરમાં, તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની વિશાળ પ્રતિમાના પ્રાંગણમાં બેઠેલા દેશ-વિદેશના હજારો ભક્તો-ભાવિકોને ભક્તિરંગથી રંગ્યા હતા.આમ, ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભારતીય પરંપરા અને સનાતન ધર્મની અનુભૂતિ સાથે વડાપ્રધાને વિદાય લીધી હતી. ઉલ્લેખનીય છે કે પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સિડનીમાં નિર્માણાધીન બી. એ. પી. એસ. હિન્દુ મંદિર અને વિશાળ સાંસ્કૃતિક સંકુલના પ્રથમ અધ્યાય રૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણની તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની ૪૯ ફૂટ ઊંચી ધાતુમૂર્તિની વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા તારીખ ૬ માર્ચના રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે સંપન્ન થઈ હતી. ભગવાન સ્વામિનારાયણની ૪૯ ફૂટ ઊંચી આ ધાતુમુર્તિ સમગ્ર ઓસ્ટ્રેલિયામાં સૌથી ઊંચામાં ઊંચી સ્થાપિત થયેલી ધાતુમૂર્તિ છે.

# શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીદાદાનું દિવ્ય રાજોપચાર પૂજન



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૭

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૬ માર્ચે ૨૦૨૫ને રવિવારના રોજ સાળંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને દાદાને સેવંતીના ફુલોનો શણગાર કરવામાં આવ્યો હતો. સાંજે ૪:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ, પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલ, પુષ્પવર્ષા કરવામાં આવેલ, દાદાની દિવ્ય સંધ્યા આરતી ૬:૩૦ કલાકે પૂજારી સ્વામી(અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. તેમજ મંદિર પટાંગણમાં યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. મહત્વનું છે કે શ્રી સાળંગપુરધામમાં શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજને રાજોપચાર પૂજા ઘણી વખત કરવામાં આવે છે. ભગવાન શ્રી રામના સમર્પિત સેવક હનુમાનજી મહારાજ પણ એક રાજાની જેમ પોતાનાં ભક્તોના કષ્ટોને નિરંતર દૂર કરે છે, તેથી જ શ્રી સાળંગપુરધામમાં કોઈને કોઈ કારણસર રાજોપચાર પૂજન કરવામાં આવે છે. જે ઉપચારથી રાજા પ્રસન્ન થાય છે તેને રાજોપચાર પૂજા કહે છે. શ્રી હનુમાનજી મહારાજ શાસ્ત્રોમાં પારંગત છે.જેઓ વેદોના રહસ્યો જાણે છે, તેથી જ રાજોપચાર પૂજામાં ચાર વેદના મંત્રો સૌપ્રથમ હનુમાનજી મહારાજને સમર્પિતથાય છે. ત્યાર બાદ પ્રાન્તિક ભાષામાં લખેલા શાસ્ત્રો, પુરાણો, ઉપનિષદો અને ગાનું પણ હૃદયપૂર્વક પાઠ કરવામાં આવે છે. જેમ રાજાને સંગીત અને નૃત્ય ગમે છે, તેવી જ રીતે હનુમાનજી મહારાજની સામે શાસ્ત્રીય સંગીત સહીત વિવિધ સંગીતનાં સાધનો વડે સંગીત રજૂ કરવામાં આવે છે અને નર્તકો પણ નૃત્ય કરીને હનુમાનજી મહારાજને પ્રસન્ન કરે છે. વિવિધ વસ્ત્રો, આભૂષણો, સ્વાદિષ્ટ નૈવેદ્ય અને મંગલ નિરાજન પણ હનુમાનજી મહારાજને સમર્પિત છે. ૧૦૦ કિલોથી વધુ ગુલાબની પાંખડીઓ સાથે શ્રી હનુમાનજી મહારાજના ફૂલની વર્ષા પણ જોવાલાયક બની જાય છે. આ રીતે રાજોપહાર પૂજા આવતા ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. રાજોપચારપૂજન પવિત્ર તહેવારો, તિથી કે ઉત્સવ દરમ્યાન ઉજવવામાં આવે છે. ઘણી વખત ભક્તોના સંકલ્પ પ્રમાણે અનુકુળ તારીખોમાં પણ આ રાજોપચાર પૂજન કરવામાં આવે છે.

# શ્રી રાજપૂત યુવક મંડળ અને શ્રી જામકંડોરણા રાજપૂત સમાજ દ્વારા આયોજિત શ્રી જામકંડોરણા તાલુકા રાજપૂત ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫નું સમાપન

**રાજપૂત સમાજના મુરબ્બી એમ.ડી. જાડેજા ceo jmj grpના અધ્યક્ષ સ્થાને ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી : ધારાસભ્ય જયેશ રાદડિયાની વિશેષ ઉપસ્થિતિ**



(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૧૭

શ્રી રાજપૂત યુવક મંડળ અને શ્રી જામકંડોરણા રાજપૂત સમાજ દ્વારા આયોજિત શ્રી જામકંડોરણા તાલુકા રાજપૂત ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫નું સમાપન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટના ફાઈનલના રોમાંચક મુકાબલા યુવરાજ ઈલેવન પીપરડી વિજેતા બની અને આચવડ રાજપૂત ઈલેવન રનર્સ અપ બની હતી. રાજપૂત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ટોટલ જામકંડોરણા તાલુકામાંથી ટોટલ ૭ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં સોડવદર રાજપૂત ઈલેવન, પીપરડી અને આચવડ રાજપૂત ઈલેવન સેમિફાઈનલમાં પહોચી હતી. ફાઈનલ મુકાબલો આચવડ રાજપૂત ઈલેવન અને યુવરાજ ઈલેવન પીપરડી થયો હતો. જામકંડોરણા રાજપૂત ક્રિકેટ ટુર્નામેન્ટના મેન ઓફ ધ સિરીઝ અરવિંદસિંહ જાડેજા પીપરડી, ટુર્નામેન્ટના બેસ્ટ બોલર હરવિજયસિંહ ચોહાણ આચવાડ ટીમ, ટુર્નામેન્ટના બેસ્ટ બેટ્સમેન હરદેવસિંહ વાળા યુવરાજ ઈલેવન, ટુર્નામેન્ટના બેસ્ટ ફિલ્ડર શક્તિસિંહ જાડેજા યુવરાજ ઈલેવનને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ટુર્નામેન્ટના દાતા એમ.ડી. જાડેજા ceo jmj ગ્રુપનું જામકંડોરણા તાલુકા રાજપૂત સમાજના પ્રમુખ તેજુભા જાડેજાએ સાલ ઓઢાળી ફુલહારથી સ્વાગત સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે તમામ મહાનુભવોનું સાલ ઓઢાળી સન્માન કર્યું હતું. જેમાં અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના રાજકોટ જિલ્લા પ્રમુખ કિશોરસિંહ જેઠવા, ભાયાવદર રાજપૂત સમાજના પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ પ્રાણભાઈ ત્રાડા, રાજપૂત સમાજના પ્રમુખ તેજુભા જાડેજા, અગ્રણી ચંદુભા ચોહાણ, ભાજપ પ્રમુખ અશોકસિંહ વાઘેલા, સમાજ ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ વાળા, વડીલ અગ્રણી નાગદેવસિંહ, દિગ્વિજયસિંહ ખાટલી સમાજ ટ્રસ્ટી દેવુભા ચોહાણ અચવાડ તેમજ જામકંડોરણા રાજપૂત સમાજમાં સ્થાનિક આગેવાનો સરપંચો માજી સરપંચો એ હાજરી આપી હતી.

# શ્રીનાથ નગર સોસાયટી દ્વારા વોર્ડ નંબર ૭ના કોર્પોરેટરનો સન્માન સમારોહ યોજાઈ ગયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭



જૂનાગઢ શ્રીનાથ નગર સોસાયટી દ્વારા તાજેતરમાં જૂનાગઢ મહાનગરપાલિકામાં ચૂંટાયેલ વોર્ડ નંબર સાતના કોર્પોરેટર જયેશભાઈ બોઘરા, સંજયભાઈ મળવર, ભાવનાબેન વ્યાસ, વંદનાબેન દોશીનો સન્માન સમારોહ તારીખ ૧૩-૩-૨૦૨૫ના રોજ શ્રીનાથ કોમ્યુનિટી હોલમાં સમગ્ર સોસાયટી સહ પરિવારના ભોજન સમારંભ સાથે ઉપસ્થિત કોર્પોરેટરને હાર તેમજ સાલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જેન્તીભાઈ શીલુએ કોર્પોરેટરોને આવકારતા અને શ્રીનાથ નગર સોસાયટીની વર્ષ દરમ્યાન થતી રચનાત્મક પ્રવૃત્તિ જેવી કે દર વર્ષે નૂતન વર્ષના દિવસે સમગ્ર સોસાયટીના સ્નેહમિલન ભોજન સમારંભ સાથે વર્ષોથી કરવામાં આવે છે તેમજ ઉતાસણી પ્રસંગે યુવા સમિતિ અને મહિલા સમિતિ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાખવામાં આવે છે. બાળકો તેમાં યુવાનોને ઈનામો આપી અને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ચાલુ વર્ષે ઉતાસણીને દિવસે સમગ્ર સોસાયટી પરિવારનું ભજીયા પાર્ટીનું આયોજન પણ કરવામાં આવેલ હતું. પૂર્વ કોર્પોરેટર હેમાબેન ધડુક માર્ગદર્શન નીચે મહિલા મંડળની વર્ષ દરમ્યાન અનેક પ્રવૃતિઓ થાય છે. સન્માનના પ્રત્યુતરમાં તમામ કોર્પોરેટરો એ પોતાના વોર્ડમાં રોડ, રસ્તા, પાણી, ગટર જેવી પ્રાથમિક સુવિધાઓને પ્રથમ પ્રાધાન્ય આપવાની જાહેરમાં ખાતરી આપી હતી. આ સન્માન કાર્યક્રમમાં જૂનાગઢ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ અનિલભાઈ પટોડીયા, શ્રીનાથ નગર સોસાયટીના પ્રમુખ પ્રકાશભાઈ ઓડિટર, જેન્તીભાઈ શીલુ, મંત્રી સુરાણીભાઈ, સહમંત્રી કરંગીયાભાઈ તથા તમામ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# દીવ રોયલ વાઈન શોપની દુકાનેથી કેટલાય પોલીસ ખિસ્સા વજનદાર થાય છે !!

**દીવ એસપી તથા એક્સાઈઝ ડિપાર્ટમેન્ટ બંનેના ખિસ્સા તથા બીજા ઘણાના કમિશન હોવાથી રોયલમાં ભાવ કરતા વધુ રૂપિયા લેવાતા હોવાનું સામે આવ્યું**




(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૭

છેલ્લા કેટલાય મહિનાઓથી દીવમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ હોવાનું સામે આવેલ હોવાથી દીવમાં મુસાફરો આવવાનું ટાળતા હોવાનું સામે આવેલ છે. જ્યારે દીવ પ્રશાસન દીવને વિકસિત બનવાનું કામ કરતી હોવા છતાં આવતા તત્વોનો ત્રાસ મુસાફરોને હેરાન પરેશાન કરતા હોવાનું સામે આવેલ છે. એવામાં સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ રોયલ વાઈન શોપના સીસીટીવી ફૂટેજ તથા એમની આજુ બાજુમાં સીસીટીવી ફૂટેજ પોલીસ દ્વારા ચેક કરવામાં આવે તો સત્ય ઘટના સામે આવી જવાની પૂરે પૂરી સંભાવના છે. એવામાં રોયલ વાઈન શોપમાં વેચાતો દારૂ માલ રૂપિયા વધુ લેવાતા હોવાનો કિસ્સો સત્ય સાબિત થયો તેથી રોયલ વાઈનના માલિક અને બીજા એમના દ્વારા સંચાલન કરતા સોમનાથ બાર(વણાકબારા)નું નામ પણ અનેક ગુજરાતમાં વેચાતો દારૂના વેપાર ખુલેલા હોવાથી આ વખતે રિન્યુ નઈ થવાની સંભાવના છે પરંતુ એક્સાઈઝ ડિપાર્ટમેન્ટ અને દીવ પોલીસની મહેરબાનીથી જ ભીખાભાઈ અને એમના મળતીયા દ્વારા અધિકારીઓના ખિસ્સા ભરાય જતા હોવાથી કોઈ કામ અટકતા નઈ હોવાનું મનાય રહ્યું છે. જેથી હવેથી દીવ જિલ્લામાં આવતા મુસાફરો આવારા તત્વોના ત્રાસથી અને દીવ પોલીસની કનડગતથી દીવ ફરવા આવાનું ટાળતા હોવાનું મનાય છે.

# જૂનાગઢના આદર્શનગરમાં આવેલ જયશ્રી રામ ધુન મંડળ દ્વારા હુતાશણીની ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં હુતાશણી અને ધુળેટી પર્વની ઉત્સાહમય રીતે ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢ શહેરમાં પણ જોષીપરાના આદર્શનગર-૨માં રામજી મંદિર ખાતે હુતાશણી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે પ્રાપ્ત વિગત અુનસાર શહેરના જોષીપરા આદર્શનગર-૨ વિસ્તારમાં આવેલા જયશ્રી રામ ધુન મંડળ દ્વારા રામજી મંદિરે વર્ષ દરમ્યાન આવતા તહેવારો ગણેશ ઉત્સવ, નવરાત્રી, જન્માષ્ટમી, હનુમાન જયંતિ સહિતના તહેવારોની ભાવભેર ઉજવણી કરવામાં આવે છે. તા.૧૩-૩-૨૦૨૫ ગુરૂવારના રોજ હુતાશણી પર્વ પણ ભાવભેર ઉજવવામાં આવી હતી. હુતાશણી મહોત્સવમાં આજુબાજુના વિસ્તારના લોકોનો સાથ સહકાર દર વર્ષે મળે છે અને પરંપરાગત રીતે હુતાશણી પર્વ ઉજવવામાં આવે છે. જયશ્રી રામ ધુન મંડળના કાર્યકર્તા દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ઊનામાં ગીર ગઢડા રોડ ઉપર નવા ૮૦ ફૂટ રોડ ઉપર વધુ એક બિનકાયદેસર હોસ્પિટલનું બાંધકામ સામે આવેલ



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૭

**સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ ગેર કાયદેસર બિલ્ડિંગ ઊભા કરવા લગભગ ૧૫ લાખ રૂપિયાના વહીવટ થયો હોવાનું સંભળાય છે એ કોના ખીસ્સામાં પડેલ હશે !**

છેલ્લા ઘણા વર્ષોથી ઉનામાં ગેર કાયદેસર બિલ્ડિંગના બાંધકામ બંધાય છે પણ ઉના નગરપાલિકા કાઈ ના થાય એના માટે ખીચ્ચામાં વજન પડી જાય એટલે કોઈ પણ ઉના નગરપાલિકા તથા બીજા કોઈ હેરાન પરેશાન ના કરે એના માટે પોતાના ખીસ્સામાં ભરી અને દબાવતા હશે કે પછી સેના રૂપિયા લેતા હશે !!! ઉના નગરપાલિકાના ચીફ ઓફિસર તથા સ્ટાફ એક પણ કામ ભાજપના ધારાસભ્ય કે.સી. રાઠોડને પૂછ્યા વગર કામ નથી કરતા એ આખું ઉના જાણે છે પણ ઉના શહેરને પૂરૂ બાનમાં લીધેલ હોવાથી એક પણ વેપારી કે અન્ય વ્યક્તિ બોલવા તૈયાર નથી જે વાતની ગાંધીનગર સુધી ખ્યાલ હોવા છતાં ભાજપની સરકાર એક પણ પગલા ભરતા નથી જ્યારે ગીર સોમનાથ કલેકટર જાડેજા આ ગેરકાયદેસર બિલ્ડિંગનું બાંધકામ બંધ કરાવશે કે પછી પાડી નાખશે !!! સરકારના નિયમો ફક્ત નામના બનતા હોવાનું સામે નજરે ચડે છે જ્યારે ઉના નગરપાલિકા દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ગેર કાયદેસર બિલ્ડિંગના બાંધકામ થાય છે પરંતુ વેપારીઓ અમુક રાજકીય ત્રાસ આપતા હોવાથી ઉના છોડી અને બહાર ગામ સિફ્ટ થઈ ગયેલ ના અનેક પરિવારો સામે આવેલ છે પરંતુ ઉના નગરપાલિકાના ભ્રષ્ટાચાર સામે આવશે કે પછી રામ ભરોશે ચાલશે !!!

# દ્વારકાના રૂક્ષ્મણી મંદિર પાસે સરકારી જગ્યામાં રહેલ દબાણ બે દિવસમાં હટાવવા દબાણ કરનારાઓને તંત્રએ આપી વોર્નિંગ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૭

દ્વારકાના રૂક્ષ્મણી મંદિર રોડ પાસે સરકારી જગ્યામાં રહેલ ઝુપટપટ્ટી તેમજ કાચા પાકા દબાણોની એસ ડીએમ તેમજ ચીફ ઓફિસર અને પાલિકાના સત્તાધિશોએ મુલાકાત લીધી બે દિવસમાં જાતે દબાણો હટાવી નાખવા દબાણ કારોને દ્વારકાના એસડીએમ નગરપાલિકાના ચીફ ઓફિસરને સાથે રાખી દબાણ હટાવાની વોર્નિંગ આપી જો બે દિવસમાં દબાણો હટશે નહીં તો તંત્ર દ્વારા દબાણ હટાવ જુબેશ હાથ ધરાશે તેમ ત્યાંના દબાણ કરનારા ઓ ને એસડીએમ દ્વારા જણાવ્યું હતું.

# જૂનાગઢમાં સાંજે સાંસ્કૃતિક લોકડાયરો : શિવરાજભાઈ વાળા સહિતના કલાકારો જમાવટ કરશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

ગુજરાત રાજય સંગીતનાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી ગિરનાર કલાવૃંદ (જૂનાગઢ) દ્વારા તા.૧૭ માર્ચ સોમવાર સાંજે ૪થી ૬ દેશી પકવાન હોટલ બાયપાસ રોડ જૂનાગઢ ખાતે સાંસ્કૃતિક લોકડાયરાનું આયોજન કરેલ છે.

# સોમનાથ બીચ ફેસ્ટીવલ-૨૦૨૫ની તૈયારીઓને ચકાસતા કલેકટર

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૭



સોમનાથ બીચ ફેસ્ટિવલ ૨૦૨૫ની પૂર્વ તૈયારીના ભાગરૂપે કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની આગેવાની હેઠળ વહીવટી તંત્ર અને એજન્સીઓ સાથે રાખી કાર્યક્રમનું પૂર્વ તૈયારી ચકાસવામાં આવી હતી. આજે તા.૧૭ માર્ચ સાંજે સોમનાથ મંદિરના પ્રાંગણમાં અઘોરી ગ્રુપ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલો છે અને તારીખ ૧૮ માર્ચના રોજ સાંજે રીકલેમ સાઈટ ઉપર કેબિનેટ મંત્રી હર્ષ સંઘવી દ્વારા બીચ સ્પોર્ટ ફેસ્ટિવલને ખુલ્લો મુકવામાં આવશે.

# જૂનાગઢના લો કોલેજ ટીમ દ્વારા વિવિધ જગ્યાઓ જઈને કાનૂની જાગૃતતા લાવવા માટે સેમિનાર યોજાયા



જૂનાગઢ, તા.૧૭

કાનૂની જાગૃતતા સેમીનાર જૂનાગઢ જુનિયર ચેમ્બર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજના કાયદાના વિદ્યાર્થીઓ દ્વારા એકેડેમિક ભાગરૂપે વિદ્યાર્થીઓમાં કાયદાકીય જાગૃતતા આવે તે હેતુસર કાનૂની જાગૃતતા સેમિનારનું આયોજન કરવામાં આવેલ. લો કોલેજના પ્રિન્સિપાલ ડો.પરવેઝ બ્લોચ, તથા ફેકલ્ટી ડો.કલ્પના રાઠોડ અને ડો.સંજય ધાનાણીના માર્ગદર્શન હેઠળ કાનૂની જાગૃતતા સેમીનારના ભાગરૂપે ટીમ દ્વારા કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલય, પાતાપુર ખાતે કાયદાની જાગૃતા માટે નો સેમિનાર કરવામાં આવ્યો હતો. હોસ્ટેલના નયનાબેન વાણિયા તથા મદદનીશ ક્રિષ્નાબેનની હાજરીમાં સંપૂર્ણ સેમિનાર યોજાયો. ટીમના લીડર મોનિકા વાઘેલા અને ટીમના ૧૩ મેમ્બર દ્વારા આ સેમિનાર કરવામાં આવેલ જેમાં કાયદો એટલે શું ? આપણા જીવનમાં કાયદાની જરૂર શા માટે છે તે અંગેની માહિતી ટીમ મેમ્બર હસમુખ મકવાણા દ્વારા આપવામાં આવેલી હતી. ત્યારબાદ મૂળભૂત અધિકાર વિશે રોનક વખેચા એ જીણવટ ભરી માહિતી આપી અને ટેકનોલોજીના જમાનામાં વધતા જતા સાયબર ગુના માટે સાયબર ક્રાઈમ અંગેની માહિતી મોનિકા વાઘેલા દ્વારા આપવામાં આવેલ હતી. સેમિનાર પૂર્ણ થતાં વિધાર્થીનીઓમાંથી ધોરણ ૧૨ કોમર્સની વિદ્યાર્થી મહીડા રિધ્ધિ એ લો.કોલેજનોનો આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું. "અમારી પાસે જે માહિતી હતી તે અધૂરી હતી પરંતુ આ સેમિનાર દરમ્યાન અમને કાયદા વિશે બહુ બધી જાણકારી મળી છે. આ ટીમ ના મેમ્બરોને ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. ટિમ લીડરોના નામ વાઘેલા મોનિકા, વખેચા રોનક, મકવાણા હસમુખ વઘાસિયા યશ , રાવલ પ્રાંજલ, ધાનાણી જાનવી, મકવાણા ઋષિતા, બોરીચાંગર પ્રિયાંશુ, મોહમ્મદ શેખ, ઉવેશ શેખ, કટારિયા હિતેશ,પરમાર પૂજા , સોંદરવા સેજલ, સોંદરવા પાયલ સેમિનાર દરમિયાન હાજરી આપેલ હતી.

# જૂનાગઢ જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

**પ્રજાલક્ષી પ્રશ્નોના સત્વરે નિરાકરણ લાવવા સૂચના આપવામાં આવી : જે સરકારી કચેરીઓના વીજળીના બિલ અને પ્રોપ્ટી ટેક્સ ભરવામાં સમય મર્યાદા નહી જળવાય તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે : મ્યુનિસિપલ કમિશ્નર ડો.ઓમ પ્રકાશ**





જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ મ્યુનિસિપલ કમિશ્નર ડો.ઓમ પ્રકાશની ઉપસ્થિતિમાં જૂનાગઢ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોને સત્વરે ઉકેલવા માટે સંબંધિત અધિકારીઓને ખાસ સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં વંચિતોને સહાય સમયસર મળી જાય, જન્મ મરણ નોંધણી, વિવિધ જાહેર સ્થળોએ બ્યુટીફીકેશન કરાવવા, જમીન માપણી, જાહેર રસ્તા પહોળા કરાવવા, દબાણ હટાવ કામગીરી, ખેડૂતોને માવઠાંનું વળતર મળે, નવા પશુ દવાખાના ખોલવા, સસ્તા અનાજની નવી દુકાનો ખોલવી, ઘઉં સહિત અન્ય ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી, સરકારી કચેરીઓના સમારકામ, સરકારી ક્વાર્ટરના રીનોવેશન વગેરે પ્રજાલક્ષી પ્રશ્નો મુદ્દાઓ ઉપર વિસ્તૃત રીતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રશ્નો સંદર્ભે સંબંધિત અધિકારીશ્રીઓએ જવાબ રજૂ કર્યા હતા.આ બેઠકમાં ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી અને ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા તરફથી રજૂ થયેલા પ્રશ્નોની સમીક્ષા કરતા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરીને સુનિશ્ચિત સમય મર્યાદામાં પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીશ્રીઓને નિર્દેશ આપ્યાં હતા. તેમજ મ્યુનિસિપલ કમિશનરશ્રીએ બેઠકમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમુક સરકારી કચેરીઓ દ્વારા વીજળી, પાણીના બિલ સમયસર ભરપાઈ કરવામાં આવ્યા નથી. જેનાથી કચેરી કામગીરીમાં માઠી અસર થાય છે અને લોકોના કામ પણ અટકી ગયા છે. આગામી તારીખ ૩૧ માર્ચ સુધીમાં જે જે કચેરીઓના પ્રોપર્ટી ટેક્સ અને અન્ય જે જે વેરા ભરવાના બાકી છે તેનો સમયગાળો આપવામાં આવે છે. ત્યારબાદ જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને તે કચેરીઓને સીલ કરી દેવા સહિતના તાકીદ કરવામાં આવશે. આ ઉપરાંત જયારે જયારે અરજદારો કે લોક પ્રતિનિધિઓ માહિતીની માંગણી કરે, સહાય માટે રજુઆત આવે ત્યારે સમયસર જે તે કચેરીઓ તેમને જવાબ આપે તેમ પણ જણાવ્યું હતું. આ તમામ બાબતોનું અતિ ગંભીર રીતે પાલન કરવામાં આવે તેમ તેઓશ્રીએ અંતમાં અનુરોધ કર્યો હતો. ઉકત બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા, અધિક નિવાસી કલેકટર એન.એફ. ચૌધરી, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ સહિતના સંલગ્ન વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઊમરેઠી હિરણ ડેમ ખાતે રૂા. ૮૧.૫૦ લાખના ખર્ચે તૈયાર થનાર ગાર્ડન સહિત ત્રિવિધ કામોનું ખાતમુહૂર્ત

## સાંસદ, જીલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્ય અને કલેક્ટર સહિત મહાનુભાવોની ઉપસ્થિતિ





ગીર સોમનાથ, તા.૧૭

પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન હેઠળ ઊમરેઠી હિરણ ડેમના હેઠવાસ ખાતે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયત પ્રમુખ મંજૂલાબહેન મૂછાર, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ અને કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં રૂા. ૮૧.૫૦ લાખના ખર્ચે નવનિર્મિત થનાર ગાર્ડન સહિતના ત્રિવિધ કામોનું આજે સવારે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ ખાતમુહૂર્તના ત્રિવિધ કાર્યોમાં રૂા.૪૨.૪૮ લાખના ખર્ચે હિરણ-૨ ડેમની પાસે ડેવલપમેન્ટ ઓફ ગાર્ડન એન્ડ પ્રી પ્લાન્ટેશન વર્ક ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્રોટેકશનની કામગીરી, રૂા.૨૨.૩૨ લાખના ખર્ચે કોડિદ્રા ગામે સ્મશાનની બાજુમાં ચેકડેમ કમ પ્રોટેક્સન વોલ અને રૂા.૧૬.૫૦ લાખના ખર્ચે સીલોજ ચેકડેમ કમ કોઝ-વે અને પ્રાથમિક શાળાના રક્ષણ માટે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની કામગીરીનો સમાવેશ થાય છે. આ અવસરે, તાલાલાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડે જણાવ્યું હતું કે, ડેમ વિસ્તારમાં ગાર્ડન ડેવલપમેન્ટનું કામ થવાના કારણે માલજિંજવા, તાલાળા, ઉમરેઠી તેમજ વેરાવળના સ્થાનિક સહિત પ્રવાસીઓ માટે હરવા-ફરવા માટેનું એક નવું સ્થળ પ્રાપ્ત થશે.

કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથ વિસ્તારમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન હેઠળ જનસુખાકારીના અનેક વિકાસના કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે. અહીં નવનિર્મિત થનાર ગાર્ડનના સંદર્ભમાં તેમણે કહ્યું કે, ચોમાસામાં જ્યારે ડેમ ઓવરફ્લો થશે ત્યારે એક અદભૂત સુંદર નજારો નાગરિકોને જોવા મળશે. સ્થાનિક લોકો સાથે પ્રવાસીઓ પણ આ મનોરમ્ય સ્થળની મુલાકાત લઈ આનંદ માણે એવા હેતુસર આ ગાર્ડનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આમ કહી કલેકટરશ્રીએ ગાર્ડનના નિર્માણ પછી યોગ્ય જાળવણી થાય એ પણ જોવા અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે, હિરણ ડેમના નીચાણવાળા વિસ્તારમાં ૪,૫૧૦ સ્ક્વેર મીટરના ગાર્ડન વિકસાવવામાં આવશે. જેમાં ચંપો, ગુલમહોર, કેસૂડો, ગુલાબી ચંપો જેવા વૃક્ષ ઉછેર સહિત ૧ ગઝીબો, ૨૬૭ સ્ક્વેર મીટરના બે લૉન ગાર્ડન, એક લૉન માઉન્ટ, ૬૦૦ સ્ક્વેર મીટરનો કિડ્સ પ્લે એરિયા, ૨૫ ફૂટ પહોળા રોડ, બેઠક વ્યવસ્થા, વિવિધ જાતના સ્કલ્પચર્સ, ૫૪૪ સ્કવેર મીટર પામ ગાર્ડન સહિત ૩૦૪૨ સ્કવેર મીટરમાં મિયાવાકી ફોરેસ્ટ વિકસાવવામાં આવશે.

આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક યોગેશ જોશી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જેમિની ગઢિયા, નાયબ કલેક્ટર એફ.જે.માકડા, જિલ્લા પુરવઠા અધિકારી પારસ વાંદા, નાયબ કાર્યપાલક ઈજનેર આર.કે.સામાણી, ડિસ્ટ્રિક્ટ મિનરલ કો-ઓર્ડિનેટર ભૂપતભાઈ સાંખટ સહિત જનપ્રતિનિધિઓ, અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઝાયડસ હોસ્પિટલમાં વ્યક્તિગત આરોગ્ય સંભાળને વધારવા માટે અનોખી Next-Gene®aion Sequencing (NGS) પરીક્ષણની શરૂઆત

અમદાવાદ, તા.૧૭

મેડિકલ અને પેથોલોજી પરીક્ષણના વિકાસમાં અમદાવાદની ઝાયડસ હોસ્પિટલે અત્યાધુનિ કનેક્સ્ટ-જનરેશન સિકવન્સિંગ (NGS) પરીક્ષણ શરૂ કર્યું છે, જે વ્યકિતગત આરોગ્ય સંભાળમાં એક દિશા સૂચક છે. આ અદ્યતન ટેકનોલોજી અત્યંત સચોટ અને વિગતવાર આનુવંશિક વિગતો પ્રદાન કરે છે જે વિભિન્ન પ્રકારની બીમારીઓના નિદાન, તેમની ઉપચાર યોજનાઓ અને દર્દીની પર્સનલાઈઝડ થેરાપીમાં એક બેજોડ શરૂઆત છે.

NGS એક આધુનિક મોલેક્યુલર ટેકનોલોજી છે જેનાં માધ્યમથી દર્દીના હ્રદ્દછનું વિશ્લેષણ કરી, જન્મજાત ખામી અને કેન્સર સહિત વિવિધ રોગો માટે સંભવિત જોખમો વિશે વિગતવાર માહિતી મળે છે. ઝાયડસના લેબોરેટરી મેડિસિનના વિભાગમાં આ ટેસ્ટિંગ ટેકનીક જીનેટિક, હોર્મોનલ અને મોલેક્યુલર મ્યુટેશન્સ, કેન્સર ડાયગ્નોસિસ, વારસાગત વિકૃતિઓ (હેરિડિટરી ડિસિઝ) અને પર્સનલાઈઝડ મેડિસિનના આધારે વધુ અનુરૂપ અને ચોક્કસ સારવાર વિકલ્પો દર્દીઓ સુધી પહોંચાડવા સક્ષમ બનાવશે. ઝાયડસ હોસ્પિટલમાં NGS પરીક્ષણનો પ્રારંભ ઘણા બાયોલોજીકલ એનાલિસીસ અથવા બીમારીઓ સંબંધિત આરોગ્ય સંશોધનમાં નવીન ઉકેલો ઝડપી અને ચોકસાઈ લાવવાની હોસ્પિટલની પ્રતિબદ્ધતા દર્શાવે છે. અહીંની મેડિકલ ટ્રીટમેન્ટની સાથે ડાયગ્નોસ્ટિકવિભાગ પણ અગ્રેસર છે. NGS મશીન અને તેનાથી અપાતી માહિતી આગળ જતાં માનવ જીનોમના વિસ્તૃત અભ્યાસ તેમજ સિકવન્સિંગ માટે તેનું બહુ મૂલ્ય યોગદાનની સાથે મેડિકલ ક્ષેત્રમાં પરિવર્તનનો માર્ગદર્શક બની રહેશે.

# જૂનાગઢ જીલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ મ્યુનિસિપલ કમિશ્નર ડો.ઓમ પ્રકાશની ઉપસ્થિતિમાં જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કલેકટર કચેરીના સભાખંડ ખાતે આયોજિત આ બેઠકમાં જૂનાગઢમાં સસ્તા અનાજની નવી વ્યાજબી ભાવની દુકાનો શરુ કરાવવા અંગેની રજૂઆતો મુકવામાં આવી હતી. તેમાં જે જે નવી દુકાનોના સંચાલકોની યોગ્ય લાયકાત જણાઈ હતી, તેમને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી અને ભગવાનજીભાઈ કરગઠીયા, જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા, અધિક નિવાસી કલેકટર એન.એફ. ચૌધરી, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ સહિતના સંલગ્ન વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિદ્યાર્થીલક્ષી ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ કાર્યરત : વિદ્યાર્થી એક જ ઓનલાઈન અરજીથી તમામ ૧૫ સરકારી યુનિવર્સિટીમાં પ્રવેશ માટે કાર્યવાહી કરી શકશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૭

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા રાજયની ૧૫ સરકારી યુનિવર્સિટીઓ સંલગ્ન શૈક્ષણિક સંસ્થા/કોલેજમાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, એજ્યુકેશન, કાયદા વિદ્યાશાખામાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં એક જ ઓનલાઈન અરજીથી વિદ્યાર્થીઓ પ્રવેશની કાર્યવાહી કરી શકે તે માટે વિદ્યાર્થીલક્ષી ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ (જીસીએએસ)ની રચના કરવામાં આવી છે. આ ૧૫ સરકારી યુનિવર્સિટીઓમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર, ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી, અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, ઈન્ડિન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ, મહારાજા કૃષ્ણકુમારજી યુનિવર્સિટી, ભાવનગર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા, ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનો સમાવેશ થાય છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ધોરણ-૧૨ની સામાન્ય (વિનયન અને વાણિજ્ય), વિજ્ઞાન, ઉત્તર બુનિયાદી તથા અન્ય શાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં સ્નાતક કક્ષાના વિવિધ ઉચ્ચતર અભ્યાસક્રમોમાં ઉક્ત પોર્ટલ મારફત પ્રવેશની કાર્યવાહી અંગે માહિતી મળી રહે તે માટે અત્રેની કચેરી દ્વારા ધોરણ-૧૨ની તમામ શાળાઓમાં જીસીએએસ (GCAS)ની માહિતી દર્શાવતા બેનર લગાવવાની પ્રક્રિયા હાલ ચાલુ છે. આ બેનરમાં આપેલા ક્યુઆર કોડ મારફત વિદ્યાર્થીઓ જીસીએએસના પોર્ટલની મુલાકાત લઈને રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટીઓ દ્વારા ઓફર કરવામાં આવતા તમામ પ્રોગ્રામ્સની માહિતી મેળવી શકશે તથા તેમની પસંદગીની યુનિવર્સિટી-કૉલેજ-પ્રોગ્રામમાં એક જ ઓનલાઈન અરજીથી પ્રવેશ માટે કાર્યવાહી કરી શકશે એવું ગુજરાત કોમન એડમિશન સર્વિસીસની અખબારી યાદીમાં જણાવાયું છે.

# બેટ દ્વારકામાં પત્નીની હત્યાના આરોપી પતિને આજીવન કેદની સજા તથા દંડ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

ઓખા મંડળના બેટ દ્વારકા વિસ્તારમાં રહેતા હવાબેન સાલેભાઈ ચમડિયા નામના મહિલાનો મૃતદેહ ડિસેમ્બર ૨૦૨૦ માસમાં તેમના રહેણાંક મકાન નજીકના ખાડામાંથી મળી આવ્યો હતો. આ સંદર્ભે મૃતક મહિલાના નાનાભાઈ ઈસ્માઈલભાઈ સાલેમામદ મલેકની ફરિયાદ પરથી ઓખા મરીન પોલીસ મથકમાં માનવ વધની કલમ ૩૦૨ તથા ૨૦૧ ગુનો નોંધાયો હતો. આ પ્રકરણમાં તપાસનીસ અધિકારી આર.એમ. મુંધવા દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ કાર્યવાહીમાં આ હત્યા પ્રકરણમાં આરોપી એવા મૃતક મહિલાના પતિ સાલેભાઈ સીદીકભાઈ ચમડિયા (રહે. હાજી કિરમાણી રોડ, વાણીયા શેરી, બેટ દ્વારકા) ની વિધિવત રીતે અટકાયત કરી હતી. આરોપી પતિ સાલેભાઈ ચમડીયા તારીખ ૨૧-૧૨-૨૦૨૦ ના રોજ તેમના પત્ની , હવાબેનને સાથે રહેવાનું જણાવતાં હવાબેનને પતિ સાથે રહેવા ન હોવાથી આ બાબતે બંને વચ્ચે ઝઘડો થયો હતો અને આરોપી પતિએ ઉશ્કેરાઈને તેની કોણી તથા બાવળા વચ્ચે પોતાના પત્ની હવાબેનનું ગળું દબાવીને હત્યા નિપજાવી હતી. આ પછી લાશને સગેવગે કરી, અને પુરાવાનો નાશ કરવા માટે તેણે મૃતદેહને તેમના મકાનના ખૂણામાં ખાડો ખોદીને દાટી દીધી હતી. ત્યાર બાદ આરોપી પતિ નાસી છૂટ્યો હોવાનું જાહેર થયું હતું. આ સમગ્ર પ્રકરણમાં તપાસનીસ અધિકારી દ્વારા દ્વારકાની એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. તેમાં જજ કે.જે. મોદી સાહેબની કોર્ટમાં સતર સાક્ષીઓની તપાસ તેમજ ફરિયાદી અને અન્ય મહત્વના સાક્ષીઓની લેવામાં આવેલી વિગતવાર જુબાની તેમજ એફ.એસ.એલ.ના રિપોર્ટ સાથે મદદનીશ સરકારી વકીલ અમિતભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવેલી ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી, નામદાર અદાલતે આરોપી સાલેભાઈ સિદીકભાઈ ચમડીયાને હત્યાના ગુનામાં તકસીરવાન ઠેરવી અને આજીવન કેદની સજા તેમજ રૂપિયા ૨૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

# જૂનાગઢની શ્રીમતી આર. એસ. કાલરિયા સ્કુલનાં અંગેજી માધ્યમનાં બાળકો ઈન્ટરનેશનલ અંગ્રેજી ઓલિમ્પિયાડમાં ઝળક્યાં

જૂનાગઢ, તા.૧૭



કાલરીયા પ્રાયમરી સ્કૂલના અંગ્રેજી માધ્યમના ધો. ૧ થી ૮ ના ૧૧૬ વિદ્યાર્થીઓએ ઈન્ટરનેશનલ અંગ્રેજી ઓલમ્પિયાડની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાંથી ૧૮ વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ ઓફ એક્સલેન્સ મેળવ્યા હતા. વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિ બદલ સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર ડો. દિનેશભાઈ ડઢાણીયા એકેડેમીક ડેપ્યુટી ડાયરેક્ટર નીરજભાઈ વાછાણી પ્રિન્સિપલ આસ્થાબેન નાવાણી અને શાળાના કોર્ડીનેટર અને શિક્ષકો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ સી.એ સવજીભાઈ મેનપરા જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી રતિભાઈ મારડિયા મંત્રી શીરીષભાઈ સાપરિયા મંત્રી કિશોરભાઈ મેંદપરા સહિત સંસ્થાના તમામ હોદ્દેદરો અને સ્ટાફે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી.

# કોડીનાર તાલુકાનાના ડોળાસા વિસ્તારમાં ધુળેટીની ધૂમ

ડોળાસા તા.૧૭



કોડીનાર તાલુકાના ડોળાસા અને અડવી ગામે ધુળેટી નિમિતે લોકો ખાસ કરીને યુવાનો અબીલ ગુલાલ અને પાણીથી ઉત્સાહથી હોળી રમી પરંપરા જાળવી હતી. ડોળાસા, અડવી,પાંચ પીપળવા સહિતના આ વિસ્તારના ગામો માં તા.૧૩/૩/૨૪ ના રોજ હોલિકા દહન કાર્યક્રમ યોજાયો હતો અને તા.૧૪/૩/૨૪ ના રોજ ધુળેટી નિમિતે ભારે ઉત્સાહથી રંગોની હોળી મનાવવામાં આવી હતી. એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં આ તહેવારો ઉજવાયા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિઓને બચાવનાર ૪૩ ગુડ સમરિટનને કુલ રૂ. ૨ લાખનું રોકડ ઈનામ-પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા

**● માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને ગોલ્ડન અવરમાં મદદરૂપ થનારને રૂ. ૫,૦૦૦ રોકડ પુરસ્કાર આપતી યોજના એટલે ''ગુડ સમરિટન પુરસ્કાર યોજના''**

**● જીવ બચાવનાર ગુડ સમરિટનની સામે કોઈ કાયદાકીય કાર્યવાહી કે પૂછપરછ કરવામાં આવતી નથી**

**● વર્ષના અંતે શ્રેષ્ઠ ૧૦ ગુડ સમરિટનને રાષ્ટ્રીય સ્તરે રૂ. એક લાખનું રોકડ પુરસ્કાર**

નવી દિલ્હી તા. ૧૭

માર્ગ અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિઓને મદદ કરવા, તેમનું જીવન બચાવવા તેમજ અન્યને પ્રેરણા આપવા માટે નાગરિકોને સન્માનિત કરતી યોજના એટલે 'ગુડ સમરિટન પુરસ્કાર' યોજના. આ યોજના અંતર્ગત માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને ગોલ્ડન અવરમાં મદદરૂપ બનનારને રૂ. ૫,૦૦૦ રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં વિવિધ જિલ્લાઓમાં ગુડ સમરિટનની ઉમદા કામગીરી કરતા કુલ ૪૩ નાગરિકોને રૂ. ૨ લાખના રોકડ ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

દેશમાં દર વર્ષે મોટી સંખ્યામાં માર્ગ અકસ્માતો થાય છે, જેમાં અનેક લોકો પોતાનું જીવન ગુમાવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજે ૧૫ લાખથી વધુ લોકો માર્ગ અકસ્માતોના ભોગ બન્યા છે. પોલીસ અને હોસ્પિટલ ખાતે પૂછપરછ તેમજ કાનૂની પ્રક્રિયાઓનો ભયના કારણે દેશના અંદાજિત ૭૫ ટકા લોકો રસ્તા પર અકસ્માત પીડિતને મદદ કરવાની હિંમત કરતા નથી. ભારતના કાનૂન આયોગના અહેવાલ મુજબ ૪૦ ટકા મૃત્યુ માત્ર સમયસર સારવાર ન મળવાના કારણે થયા છે. જો માર્ગ અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિને સમયસર હોસ્પિટલ લઈ જવાય, તો અનેક લોકોના જીવ બચાવી શકાય છે. માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ વ્યક્તિઓને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ કે ટ્રોમા—કેર સેન્ટરમાં પહોંચાડનાર વ્યક્તિને 'ગુડ સમરિટન' તરીકે ઓળખવામાં આવે છે. જેમાં ગોલ્ડન અવર એટલે કે માર્ગ અકસ્માત પછીનો પહેલો એક કલાક કે જેમાં તાત્કાલિક તબીબી સારવાર આપવામાં આવે તો ઘાયલ વ્યક્તિનું મૃત્યુ મહદઅંશે ટાળી શકાય છે.

માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સારવાર દરમિયાન મોટી સર્જરી કરવી પડે, મગજની ઈજાઓ હોય, ઓછામાં ઓછા ત્રણ દિવસ માટે હોસ્પિટલમાં દાખલ થવું પડે, કરોડરજ્જુમાં ગંભીર ઈજા કે સલામત સારવાર દરમિયાન મૃત્યુ જેવી કોઈપણ પરિસ્થિતિ ઉભી થાય તેને ફેટલ અકસ્માત કહેવામાં આવે છે. જે માટે હોસ્પિટલ દ્વારા તે અંગેનું જીવલેણ અકસ્માતનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના? મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ- MoRTH વિભાગ દ્વારા ગુડ સમરિટનને ઈનામ આપવાની યોજના વર્ષ ૨૦૨૧થી અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત જયારે એક કરતાં વધુ ગુડ સમરિટન કોઈ એક માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનો જીવ બચાવે તો રૂ. ૫,૦૦૦ની રકમ સમાન રીતે તેઓની વચ્ચે વહેંચવામાં આવે છે. જયારે એક કરતા વધારે ગુડ સમરિટન માર્ગ અકસ્માતમાં એક કરતા વધારે લોકોના જીવ બચાવે તો એક વ્યક્તિના જીવ બચાવવા માટે રૂ. ૫૦૦૦ રોકડ ઈનામ આપવામાં આવે છે, પરંતુ તે માર્ગ અકસ્માતમાં એક ગુડ સમરિટનને વધુમાં વધુ રૂ. ૫૦૦૦ રોકડ ઈનામ આપવામાં આવે છે.

એક ગુડ સમરિટનને એક વર્ષમાં મહત્તમ પાંચ વખત આ યોજનાનો લાભ મળી શકે છે. વર્ષના અંતે શ્રેષ્ઠ ૧૦ ગુડ સમરિટનને રાષ્ટ્રીય સ્તરે રૂ. એક લાખનું પુરસ્કાર આપવામાં આવે છે. વધુમાં દરેક ગુડ સમરિટનને જિલ્લા સ્તરે કલેકટરશ્રીના હસ્તે 'ગુડ સમરિટન' પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે.

"મોટર વાહન અધિનિયમ- ૨૦૧૯ મુજબ ગુડ સમરિટનને કાયદાકીય સુરક્ષા પ્રદાન કરવામાં આવે છે. આ કાયદા હેઠળ, ગુડ સમરિટન વિરુદ્ધ કોઈ ફોજદારી કાર્યવાહી થઈ શકતી નથી તેમજ પોલીસ અધિકારી અથવા હોસ્પિટલ દ્વારા કોઈપણ જાતની પૂછપરછ માટે રોકી શકાતા નથી. ગુડ સમરિટન દ્વારા સ્વૈચ્છિક રીતે આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ માત્ર આ યોજના હેઠળની એવોર્ડ માટેની પ્રક્રિયા માટે જ કરવામાં આવે છે.

**ગુડ સમરિટનના પુરસ્કાર માટેની પસંદગી પ્રક્રિયા**

ગુડ સમરિટન જયારે માર્ગ અકસ્માતમાં પીડિતોને મદદ કરે તો તેની જાણ પોલીસ અથવા ડોક્ટરને કરવાની રહે છે. ડોક્ટર પાસેથી વિગતોની ખરાઈ કર્યા પછી પોલીસ સત્તાવાર લેટરપેડ પર ગુડ સમરિટનનું નામ, મોબાઈલ નંબર, સરનામું, અકસ્માતનું સ્થળ, તારીખ, ઘટનાનો સમય અને કેવી રીતે ગોલ્ડન અવરમાં ઘાયલ વ્યક્તિઓને હોસ્પિટલ સુધી પહોંચાડવામાં મદદરૂપ બની માનવજીવન બચાવ્યું તેના સંપૂર્ણ વર્ણનનો ઉલ્લેખ કરીને જિલ્લા સ્તરની મૂલ્યાંકન સમિતિને નિયત કરેલા નમૂનામાં મોકલી આપે છે. જિલ્લા સ્તરે કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને મૂલ્યાંકન સમિતિ માસિક ધોરણે ગુડ સમરિટન દરખાસ્તોની સમીક્ષા કરીને અકસ્માતના ગોલ્ડન અવરમાં મદદકર્તાઓની યાદી બનાવે છે. આ ગુડ સમરિટનને રૂ. ૫,૦૦૦ રોકડ ઈનામ તથા સન્માનપત્ર આપી અભિવાદનની કામગીરી કરવામાં આવે છે.

આપણી આસપાસ બનેલા માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને તુરંત મદદ કરી આપણો માનવધર્મ નિભાવવા ગુજરાત રોડ સેફટી ઓથોરિટી, ગાંધીનગર દ્વારા સૌ નાગરિકોને આહ્વાન કરાયું છે.

## તંત્રી લેખ

# છતો પર ઊર્જા સુરક્ષાનો રસ્તો

ગત ફેબ્રુઆરીમાં પીએમ સૂર્ય ઘર મફત વિજળી યોજનાએ એક વર્ષ પૂરું કર્યું, જેનો ઉદ્દેશ્ય રૂફટોપ સોલર દ્વારા ભારતના ઊર્જા સુરક્ષાનાં લ-યો હાંસલ કરવાનો છે. તે અંતર્ગત અત્યાર સુધી ૧.૩ કરોડથી વધારે નોંધણી થઈ છે. જાન્યુઆરી ૨૦૨૫ સુધી આઠ લાખ ઘરો (લગભગ ૨.૪૪ ગિગાવોટ ક્ષમતા)માં રૂફટોપ સોલર લાગી ચૂક્યાં છે, જે લિક્ષત ક્ષમતાના લગભગ આઠ ટકા છે. દર વર્ષે ગરમીમાં વધતા તાપમાન, લૂ અને ઉચ્ચ ભેજને કારણે કૂલિંગની માંગ અને પરિણામે વીજળી બિલો વધી રહ્યાં છે.

૨૦૨૪ને ભારતમાં સૌથી ગરમ વર્ષ ગણાવાયું છે. જેને કારણે મે ૨૦૨૪માં વીજળીની અધિકતમ માંગ ૨૫૦.૨ ગિગાવોટ સુધી પહોંચી ગઈ હતી. ઈલેક્ટ્રીક પાવર સર્વે અનુસાર ૨૦૩૦ સુધી આવાસીય ક્ષેત્રમાં વીજળીની માંગ બેગણી થવાની આશા છે. એવામાં ઘરોને રૂફટોપ સોલર સાથે જોડવાં બહુ જરૂરી થઈ ગયું છે. કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વોટર (સીઈઈડબલ્યૂ)નું આકલન છે કે ભારતમાં આવાસીય છતો પર ૧૧૮ ગિગાવોટ સૌર ઊર્જા ક્ષમતા છે, જે આવાસીય ક્ષેત્રની ૩૫૩ અબજ યુનિટની વાર્ષિક વીજળી માંગ (૨૦૨૩ સુધી)ને પરી કરવા માટે પર્યાપ્ત છે. આવાસીય રૂફટોપ સોલરથી વિદ્યુત વિતરણ કંપનીઓ (ડિસ્કોમ)ને પણ લાભ થાય છે, કારણ કે તે વીજળી સબસિડી પર નિર્ભરતા ઘટાડે છે, તેમની આર્થિક સ્થિતિ સુધારે છે, વિદ્યુત વિતરણનું નુક્સાન ઘટાડે છે અને વીજળીની માંગનું બહેતર વ્યવસ્થાપન કરવામાં મદદ કરે છે. જોકે આ ક્ષમતા મેળવવામાં પણ થોડી અડચણો છે, જેમ કે ગ્રાહક જાગરુકતાની સાથે સાથે વેન્ડર્સની ઉપલબ્ધતા સીમિત હોવી, અનુમાનમાં વિલંબ, જટિલ નીતિઓ અને નિયમ અને સીમિત આર્થિક વિકલ્પ વગેરે. એવામાં આવાસીય રૂફટોપ સોલર ક્ષમતાને વધારવા માટે ચાર પગલાં ઉઠાવી શકા યછે. સૌથી પહેલાં લિક્ષત ગ્રાહક જાગરુકતા અભિયાનો દ્વારા રૂફટોપ સોલરને લગાવવાની પ્રક્રિયા ઝડપી બનાવવાની જરૂર છે.

પીએમ સૂર્ય ઘર યોજનાએ ગ્રાહકોમાં રુચિ પેદા કરી છે અને મોટા પાયે નોંધણી પણ થઈ છે. પરંતુ તેને લગાવવાનો દર હજુ પણ ઓછો છે. મોબાઈલ એપ અને વેબસાઈટો પર વીડિયો રૂપે ઉપલબ્ધ ગાઈડ્સ સાથે ગ્રાહકોનું સીધું જોડાણ સીમિત રહે છે, જેનાથી તેઓ પ્રભાવિત થાય અને રૂફટોપ સોલર લગાવે તેની સંભાવનાઓ ઘટી જાય છે. પીએમ સૂર્ય ઘર યોજનાના કુલ બજેટનો એક ટકા (૬૫૭ કરોડ રૂપિયા) હિસ્સો જનજાગૃતિ અને શૈક્ષણિક ગતિવિધિઓ માટે ફાળવ્યા છે, તેથી તેને સ્પષ્ટ અને સર્વસુલભ જાણકારી આપવા માટે લિક્ષત રૂપે ઉપયોગ કરવાની જરૂર છે. બીજું, રૂફટોપ વેન્ડર્સના ઈકોસિસ્ટમને મજબૂત બનાવવી બહુ જરૂરી છે. બધાં રાજ્યોમાં સોલર વેન્ડર્સની ઉપલબ્ધતા એક સમાન નથી.

જાન્યુઆરી ૨૦૨૫માં ગુજરાતમાં ૧૨૦૦થી વધારે વેન્ડર હતા, જ્યારે ઝારખંડમાં તેમની સંખ્યા ૬૮ હતી. પીએમ સૂર્ય ઘર યોજના વહેલા તે પહેલાના ધોરણે સબસિડી આપે છે, તેથી વેન્ડર્સની અસમાન ઉપલબ્ધતાને કારણે રાજ્યોમાં તેમની સ્થાપના પણ અસમાન રહી શકે છે. રૂફટોપ સોલર સિસ્ટમના બહેતર પ્રદર્શન અને ગ્રહકોનો ભરોસો જગાવવા માટે તેમની ઈન્સ્ટોલેશન ગુણવત્તા સુનિશ્ચિત કરવી પણ જરૂરી છે. ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે વેન્ડર રેટિંગ કાર્યક્રમને પણ ઝડપતી લાગુ કરવો જોઈએ. ત્રીજું, રૂફટોપ સોલર માટે નિયમોને આસાન બનાવવા જરૂરી છે. પીએમ સૂર્યઘર પોર્ટલે કંઈક પ્રગતિ કરી છે, પરંતુ અલગ-અલગ રાજ્યોમાં મંજૂરી મળવામાં એકથી સાત મહિના સુધીનો સમય લાગે છે. એનાથી ગ્રાહકોને સબસિડી મળવામાં વિલંબ થાયછે અને તેમણે વધારે લોન લેવી પડે છે. ચોથું, કાર્બન ઉત્સર્જન કપાત ઝડપી કરવા માટે રૂફટોપ સોલરને અનય્ હાલની યોજનાઓ સાથે જોડવી જરૂરી છે

એવું એક ઉદાહરણ પીએમ આવાસ યોજના અને પીએમ સૂર્ય ઘર યોજનાને જોડવાનું છે. સરકારના એક કરોડ શહેરી ગરીબ અને મધ્યમ આવકવાળા પરિવારોને પાકા મકાન આપવા માટે ૧૦ લાખકરોડ રૂપિયા રોકાણ કરવાનું લ-ય છે. આ ઘરોની છતો મજબૂત છે અને તે રૂફટોપ સોલર લગાવવા માટે આદર્શ છે. આ પરિવારોને ઊર્જા આત્મનિર્ભર બનાવીને રાજ્ય પરથી વીજળી સબસિડીનો બોજ હટાવી શકાય છે. એવું જ પીએમ સૂર્ય ઘર યોજનાનું મોડલ સોલર વિલેજ ગ્રામીણ આજીવિકા પ્રયાસો અને પીએમ કુસુમ યોજનાઓનું પૂરક થઈ શકે છે, જેનું લ-ય ખેતી સંબંધિત વીજળીની માંગને સૌર ઊર્જાથી પૂરી કરવાની છે. ભારતે પોતાની અર્થવ્યવસ્થાને કાર્બન મુક્ત બનાવવા અને ઘરો સુધી ભરોસેમંદ વીજળી પૂરવઠાને સુનિશ્ચિત કરવા માટે હાલના પ્રયાસોને ગ્રાહક કેન્દ્રિત બનાવવા માટે રૂફટોપ સોલર એક સતત અને ઊર્જા-સ્વતંત્ર ભવિષ્ય સુનિશ્ચિત કરી શકે છે.

# ગુરૂવારે દિવસ અને રાત સરખા : વિજ્ઞાન જાથા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૭

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. તા. ૨૦મી માર્ચ ગુરૂવારે દિવસ અને રાત સરખા જોવા મળશે. તા. ૨૧ મી શુક્રવારથી દિવસ લંબાતો જાય છે અને તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. ખગોળીય ઘટનાનો અનુભવ કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે તા. ૨૦ મી માર્ચ ગુરૂવારે મુંબઈમાં દિવસ અને રાત ૧૨ કલાક-૧૨ કલાકના, અપર અને સુક્ષ્મ ગણિત આધારે સુર્યોદય રાજકોટ ૬.૫૩, અમદાવાદ ૬.૪૭, મુંબઈ ૬.૪૫, સુરત ૬.૪૬, ભુજ ૬.૫૮, વડોદરા ૬.૪૪, ભાવનગર ૬.૫૫, જુનાગઢ ૬.૫૪, જામનગર ૬.૫૪ જયારે સૂર્યાસ્ત રાજકોટ ૧૮.૫૩, અમદાવાદ ૧૮.૪૭, સુરત અને મુંબઈ ૧૮.૪૬, ભુજ ૧૮.૫૮, વડોદરા ૧૮.૪૪, ભાવનગર ૧૮.૫૫, જુનાગઢ ૧૮.૪૫, જામનગર ૧૮.૫૫, સરેરાશ દિવસ ૧૨ કલાક અને ૭ સેકન્ડ જયારે રાત્રી ૧૧ કલાક, ૫૯ મિનિટ અને ૫૩ સેકન્ડ. તા. ૨૧ મી માર્ચ પછી ઉત્તરોતર દિવસ લાંબો થતો જશે. આ દિવસ પછી સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તા. ૨૧ મી જૂને લાંબામાં લાંબો દિવસ હોય છે. વધુમાં જાથાના પંડયાએ જણાવ્યું કે ૨૧ મી માર્ચને વસંત સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે. જયારે તા. ૨૧ મી સપ્ટેમ્બરના દિવસને શરદ સંપાત તરીકે ઓળખાય છે. તા. ૨૧ મી માર્ચે સૂર્યની આકાશી વિષુવવૃત્તને છેદવાની પ્રક્રિયા શરૂ થતાં તે દિવસે રાત-દિવસ સરખા થાય છે. આ દિવસ પછી ગરમીનું પ્રમાણ વધતું જાય છે. વિષુવવૃત્ત એકબીજાને વર્ષમાં બે વખત છેદે છે. સૂર્ય ખસતો ખસતો આકાશી વિષુવવૃત્તને છેદે છે તેને વસંત સંપાત કહે છે. વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે વસંત સંપાત દિવસ પછી ગરમી શરૂ થાય છે કારણ કે પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખૂણે નમેલી હોય છે. હવે પૃથ્વીનું ઉત્તર તરફનું માથું સૂર્ય તરફ તેટલા ખૂણે નમેલું જોવા મળશે. આપણે ઉત્તર ગોળાર્ધમાં વસવાટ કરતા હોવાથી સૂર્યના સીધા કિરણો આપણા વિસ્તારમાં આવતા હોવાને કારણે ગરમીનું પ્રમાણ વધે છે. જયારે ૨૧ મી જુન પછી સૂર્ય પુનઃ દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણયાન કહે છે. દિવસ-રાતની લંબાઈ ચંદ્રની દિશા, સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે. જે સતત બદલાતા રહે છે. આથી દિવસ-રાતની લંબાઈમાં સાત થી દસ મિનિટનો તફાવત સ્વાભાવિક માન્ય ગણાય છે. અંતમાં ગુરૂવાર તા. ૨૦ મી એ દિવસ-રાત સરખા ખગોળીય ઘટના માણવા જાથાએ અપીલ કરી છે. વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# ખંભાળિયા નગરપાલિકાની સામાન્ય સભા સંપન્ન : તમામ ઠરાવ મંજુર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

ખંભાળિયા નગરપાલિકાની સામાન્ય સભા ગુરુવારે મ્યુ. પ્રમુખ રચનાબેન મોહિતભાઈ મોટાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં એજન્ડા મુજબના કુલ ૨૭ તથા અધ્યક્ષ સ્થાનેથી ૩ મળી કુલ ૩૦ ઠરાવ રજૂ કરવામાં આવ્યા હતા. આ તમામ ઠરાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. આ જનરલ બોર્ડમાં નગરપાલિકાના એકાઉન્ટન્ટ ધવલભાઈ ગોસ્વામી દ્વારા નગરપાલિકાનું વર્ષ ૨૮૨૫-૨૬નું બજેટ રજુ કરવામાં આવેલ હતું. આ બજેટમાં વર્ષ ૨૦૨૪-૨૫ ની શરૂઆતની ઉઘડતી સિલક રૂા. ૨૨,૪૨,૭૩,૭૪૯ તથા વર્ષ ૨૦૨૫-૨૬ ની અંદાજીત ઉપજ રૂા. ૭૭,૦૦,૬૪,૫૦૦ મળી કુલ રૂ. ૯૯,૪૩,૩૮,૨૪૯ ની આવકની સામે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન થનારા અંદાજીત ખર્ચ રૂા. ૭૯,૮૬,૭૦,૦૦૦ બાદ કરતાં વર્ષના અંતે રૂા. ૧૯,૫૬,૬૮,૨૪૯ ની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના સદસ્યો ઉપરાંત ઈ.ચા. ચીફ ઓફિસર ચેતન ડુડિયા, વોટર વર્ક્સ વર્કસ ઈજનેર એન.આર. નંદાણીયા, વેરા શાખાના કિશોરસિહ સોઢા, જીગ્નેશભાઈ મકવાણા સાથે શહેર ભા.જ.પ. પ્રમુખ મિલનભાઈ કિરતસાતા, જિલ્લા ભા.જ.પ. મહામંત્રી રસિકભાઈ નકુમ, શહેર મહામંત્રી પિયુષભાઈ કણઝારીયા, ગીતાબા જાડેજા તથા નિમિષાબેન નકુમ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગનું સંચાલન દેવેન્દ્રભાઈ વારીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સ્વાર્થ સાધવો, વિકારોને પોષવા એ પશુમય જીવન છે.

- સ્વામી રામતીર્થ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. મહેર-૧૩૯૪, મુ. રમજાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ફાગણ સુદ-૧૧ આમલકી એકાદશી, ગોવિંદ દ્વાદશી તા.૧૦ માર્ચ ૨૦૨૫, સોમવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૯, પુષ્ય નક્ષત્ર, શોભન યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૦૭, સૂ.અ.૬:૫૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૧૭-૦૩-૨૦૨૫ થી ૨૩-૩-૨૦૨૫ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નોકરીયાત વર્ગ તથા વ્યાપારી વર્ગને અણધાર્યો લાભ થાય. પારિવારીક જીવનમાં કોઈ શુભ પ્રસંગનું આયોજન થાય. મોજ-શોખના કોઈ નવા સ્થળની મુલાકાત થાય. નાણાંકીય ખેંચ હોય તો તે દૂરથાય. જમીન-મકાન અંગેના પ્રશ્નોનો યોગ્ય ઉકેલ મળે. આ સપ્તાહ દરમિયાન કાર્યબોજમાં હળવાશનો અનુભવ કરી શકશો. જુગાર-શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાહવ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહજીવનની સમસ્યાનો સુખદ અંત આવતો જોવા મળે. મિત્ર-વર્તુળ દ્વારા તમને યોગ્ય માર્ગદર્શન મળી રહે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોથી આ સમય દરમિયાન દૂર રહેવું હિતાવહ. તેમજ ખાસકરીને જોવા જઈએ તો નવા કોઈ નાણાંકીય સાહસો કે રોકાણ હાલપૂરતા ટાળવા. લાંબા સમયથી પ્રયત્નશીલ રહ્યા હોવ તે યોજનામાં સપ્તાહના અંતે સફળતા મળે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આર્થિક પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય. આરોગ્ય અંગે ચિંતા દૂર થાય. વડીલવર્ગનો શુભ સહકાર પ્રાપ્ત કરી શકશો. કોઈપણ વસ્તુ જેવી કે જમીન, મકાન કે વાહનની લે-વેંચ હાલપૂરતી ટાળવી. ખાસ તો હિતશત્રુઓથી સાવચેત રહેવું ખૂબ જ જરૂરી છે. નવા આનંદદાયક સમાચાર પ્રાપ્ત થાય. સાસરાપક્ષ તરફથી લાભ મેળવી શકશો. મુસાફરી, પ્રવાસ, યાત્રા કરવા માટે સમય શુભ છે. વ્યવહારીક કાર્યોની પ્રતિકૂળતા દૂર થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને લાભ થવાના યોગ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

લાંબા સમયથી ચાલી આવતી અસ્થિરતા દૂર થાય. ભાઈ-બહેન દ્વારા આકસ્મીક લાભ મેળવી શકશો. પરિવારમાં સુમેળભર્યુ વાતાવરણ સર્જાય. જો કે, નાણાંકીય બાબતોમાં તો હજુ પણ સાવચેત રહેવા જેવો સમય છે. સમાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠા વધારનારી કોઈ ઘટના બને, જેનો વધુલાભ ભવિષ્યમાં મળે. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી વર્ગથી સાવચેત રહેવું. સપ્તાહના અંત ભાગે નવિન શુભ સમાચાર મળે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

કોઈના જામીનગીરીના કાર્યથી દૂર રહેવાની ખાસ તકેદારી સાથે તમારા કાર્યક્ષેત્રમાં ખૂબ જ સાનુકૂળતાસભર સમય રહે. જૂની ઓળખાણ કે જૂના સંબંધો અણધાર્યો લાભ આપી જાય. સરકારી કામકાજ સરળતાપૂર્વક પાર પડી જાય. નાણાંકીય રોકાણ હાલપૂરતું ટાળવું. કોઈપણ મહત્વનો નિર્ણય કરવાનો હોય તો ખૂબ જ વિચારીને પગલું ભરવું. પરિવારના સભ્યો સાથે વાણી ઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ભાગીદાર વર્ગ સાથે પણ મતભેદ ન સર્જાય તે જોજો.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આરોગ્ય અંગે ચિંતા હોય તો તે દૂર થાય તેમજ નોકરી-ધંધા અંગેના પ્રયત્નોમાં ધારી સફળતા મેળવી શકશો. કોઈ અગત્યની મીટીંગ કે મિલન-મુલાકાત હોય તો તેમાં સફળતા મેળવી શકશો. પ્રિયજન સાથેના સંબંધોમાં લાગણીનો વધારો થાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો સુખદ ઉકેલ આવે. ખોટી જવાબદારીમાંથી મુક્ત થવા માટેના ઉજળા સંજોગો છે. તમારા આત્મવિશ્વાસમાં વધારો કરનારી મહત્વની ઘટના બને.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

ખોટો વહેમ કે અંધશ્રધ્ધાના ભોગ ન બની જવાય તે જોજો. સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી. સંતાનવર્ગ દ્વારા નવિન શુભ સમાચાર મળે. માનસિક આનંદમાં વધારો કરનારી એકાદ ઘટના બને. ખોટા વાદ-વિવાદથી દૂર રહી અને પોતાના કાર્યમાં વ્યસ્ત રહેવું. તમે ધારેલા કાર્યની સફળતા માટે હજુ પણ તમારે ધીરજ રાખવી પડશે તેમજ સાહસિક કાર્યો પણ આ સમય દરમિયાન ટાળવા હિતાવહ છે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

નવિન શુભ સમાચાર આપનારું તેમજ માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો કરનારું આ સપ્તાહ નાણાંકીય સમસ્યાનો ઉકેલ લાવનારું નીવડે. પારિવારીક સભ્યોની મદદથી અગત્યના કાર્યમાં પ્રગતિ થાય. આકસ્મીક પ્રવાસ-પર્યટનના યોગ છે તથા અગત્યના મિલન-મુલાકાત હોય તો તે સફળ બને. કાર્યક્ષેત્રમાં કોઈ સમસ્યા ઊભી ન થાય તેની તકેદારી રાખજો. માંગલિક કાર્યમાં સફળતા મળે. કોઈને કોઈ કાર્યમાં વ્યસ્ત રહેવાને કારણે થાક અને સુસ્તીનો અનુભવ

**મકર : ખ.જ. સ્વામિ - શની**

માનસિક ટેન્શનમાંથી હળવાશનો અનુભવ કરનારું આ સપ્તાહ પરોપકારના કાર્યોથી દૂર રહેવાનું સૂચવે છે અન્યથા ખોટી સમસ્યામાં ફસાવવાનો વખત આવે. વિદેશ સંબંધિત કાર્યોમાં ધારી સફળતા મળે. જીવનસાથી સંબંધિત કોઈ પ્રશ્ન હોય તો તેનો ઉકેલ આવે. નવી લાભની તક હાથમાં આવે. વડીલવર્ગ સાથે મતભેદ ન સર્જાય તેની કાળજી રાખવી. એકંદરે આ સપ્તાહ દરમિયાન તમને મિશ્રફળ મળતું હોય તેવો અનુભવ કરશો. વિદ્યાર્થી વર્ગે સાવચેત રહેવું.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

લાંબા સમયથી ચાલી આવતા ટેન્શનમાંથી મુક્ત થઈ અને ખૂબ જ હળવાશ અનુભવી શકશો. વ્યાપાર-ધંધામાં એકંદરે રાહત આપનારો આ સમય પારિવારીક જીવનમાં કોઈ મહત્વની ઘટના પાર પાડનારો બને. નાણાંકીય વ્યવહારો ખૂબ જ સરળતાપૂર્વક પાર પાડી શકશો. બાકી રહેલા કાર્યોને પૂર્ણ કરી શકશો. શત્રુઓ સાથેના સંબંધો મિત્રતામાં પરિણમવાના સંજોગો છે. સંતાન સંબંધી કોઈ પ્રશ્ન હશે તો તેનો સુખદ ઉકેલ આવે. સમાજિક પ્રતિષ્ઠામાં વધારો કરનારી કોઈ ઘટના બને તો નવાઈ નહીં.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

લાંબાગાળાના આયોજનો સફળ થાય. માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારી કોઈ મહત્વની ઘટના બને. જીવનસાથીનો શુભ સહકાર સાંપડે. આર્થિક સમસ્યાનું આકસ્મિક નિરાકરણ થાય. આરોગ્ય અંગેની ચિંતા હોય તો તે દૂર થાય. કોઈ એવી ઘટના બને જેથી ઈશ્વર પ્રત્યેની તમારી શ્રધ્ધામાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદથી કોઈ અગત્યનું કાર્ય પાર પાડી શકશો. જમીન-મકાન-વાહનને લગતા કાર્યમાં સફળતા મળે. ઉપરી અધિકારી કે વડીલવર્ગની મદદ મળે. મનની કોઈ ગુપ્ત ચિંતા હોય તો તે દૂર થાય.

કેરીના રસિયાઓ માટે માઠા સમાચાર !

# વલસાડી હાફૂસ સહિતની કેરીનો પાક ઓછો થવાની ભીતિ

## છેલ્લા ચાર-પાંચ વર્ષથી કેરી સિઝનમાં પાકને નુકશાન થતા ખેડૂતોએ મુશ્કેલીમાં મુકાયા હતા



વલસાડ, તા.૧૭
દેશ વિદેશમાં ખ્યાતિ પામેલી વલસાડી હાફૂસ સહિત કેરીનો પાક ગ્લોબલ વોર્મિગ અને વાતાવરણમાં થતા ફેરફારને આ વર્ષે પણ ઓછો થવાની ખેડૂતો દહેશત વ્યક્ત કરી રહ્યા છે. વૃક્ષ ઉપર શરૂઆતના તબક્કામાં મંજરી ફુટયા બાદ ખેડૂતોએ વધુ પાક થવાની આશા સાથે સમાંયતરે જતુંનાશક દવાનો છંટકાવ કરવા છતા જતુંના ઉપદ્રવને કારણે નુકસાન ભીતિ વ્યકત થઈ રહી છે.વલસાડ જિલ્લામાં આ વર્ષે શરૂઆતના તબક્કામાં આંબાવાડીમાં વ્યાપક પ્રમાણમાં મંજરી ફુટી નિકળતા ખેડૂતો ગેલમાં આવી જઈ આ વર્ષે કેરીનો પાક વધુ આવશે એવી આશા સાથે તનતોડ મહેનત કરવા મંડી પડ્યા હતા. પરંતુ વાદળછાયા વાતાવરણ, કમોસમી વરસાદ, અસહ્ય ગરમીને કારણે વૃક્ષ ઉપરથી મોર ખરી પડવાનો સિલસિલો શરૂ થયો હતો. વધુ પાક મળે તે માટે ખેડૂતોએ સમાંયતરે દવાનો પણ છંટકાવ કરતા વાતાવરણને કારણે દવાની પણ અસર નહી થવાથી જંતુઓના ઉપદ્રવને લઈ ખેડૂતોની ચિંતા વધારી છે. એટલું જ નહી પણ પાકને નુકશાનની પણ ભિતિ વર્તાી રહી છે. આમેય છેલ્લા ચાર-પાંચ વર્ષથી કેરી સિઝનમાં પાકને નુકશાન થતા ખેડૂતોએ મુશ્કેલીમાં મુકાયા હતા. આ વર્ષે પણ કેરીનો પાક ઓછો થશે એવું ખેડૂતો માની રહ્યા છે.વલસાડના પાલણના એક ખેડૂતે જણાવ્યું હતું કે ચાલુ વર્ષે આંબાવાડીમાં ચાર તબક્કામાં મોર આવવા છતાં ખરાબ વાતાવરણને કારણે નામાંકિત જતુંનાશક દવાનો છંટકાવ છતાં ઝાઝી અસર નહી થતા જંતુ ઉપર કાબુ મેળવી શકાતો નથી. જેને કારણે આ વર્ષે કેરીનો પાક ઓછો થશે અને અછત વર્તાશે એમ ઉમેરી જંતુનાશક કંપની ઉપર શંકા ઉભી થાય છે.

બાબા વેંગાની ભવિષ્યવાણી

# ૨૦૪૩ સુધીમાં ૪૪ દેશોમાં ઈસ્લામિક શાસન હશે

## બલ્ગેરિયન ભવિષ્યવેત્તાની આગાહીથી વિશ્વભરમાં ચર્ચા, બીજા વિશ્વયુદ્ધ અને ૯/૧૧ જેવી ઘટનાઓની પણ કરી હતી આગાહી

નવી દિલ્હી, તા.૧૭
વિશ્વભરમાં પોતાની અદ્ભુત ભવિષ્યવાણીઓ માટે જાણીતી બલ્ગેરિયન મહિલા ભવિષ્યવેત્તા બાબા વેંગાએ ફરી એકવાર વિશ્વના રાજકીય અને સામાજિક પરિદૃશ્યને લઈને એક મોટી આગાહી કરી છે. બાબા વેંગાના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૪૩ સુધીમાં યુરોપ ખંડના ૪૪ દેશો ઈસ્લામિક શાસન હેઠળ આવી જશે. આ ભવિષ્યવાણીએ સમગ્ર વિશ્વમાં ભારે ચર્ચા જગાવી છે, ખાસ કરીને યુરોપમાં તેની સંભવિત અસરોને લઈને લોકોમાં ઉત્સુકતા અને ચિંતા જોવા મળી રહી છે.બાબા વેંગા, જેનું સાચું નામ વાંગેલિયા પાંડેવા ગુશ્તેરોવા હતું, એક એવી ભવિષ્યવેત્તા તરીકે જાણીતા છે જેમણે તેમના જીવનકાળ દરમિયાન અને ત્યારબાદ પણ વિશ્વની અનેક મહત્વપૂર્ણ ઘટનાઓ વિશે સચોટ આગાહીઓ કરી હતી. તેમની આગાહીઓમાં બીજા વિશ્વયુદ્ધની ભયાનકતાનો ઉલ્લેખ પણ સામેલ છે, જે ૧૯૩૯ થી ૧૯૪૫ સુધી ચાલ્યું હતું અને લાખો લોકોના જીવ લીધા હતા. આ યુદ્ધે વિશ્વના રાજકીય નકશાને સંપૂર્ણપણે બદલી નાખ્યો હતો.વધુમાં, બાબા વેંગાએ ૧૯૯૧માં સોવિયત સંઘના વિઘટનની પણ આગાહી કરી હતી, જે એક ઐતિહાસિક ઘટના હતી અને શીત યુદ્ધના અંતનું પ્રતીક બની હતી. તેમની આગાહી મુજબ, આ વિશાળ સામ્રાજ્ય અનેક સ્વતંત્ર રાષ્ટ્રોમાં વિભાજિત થઈ ગયું, જેણે પૂર્વીય યુરોપમાં રાજકીય અને સામાજિક પરિવર્તનનો એક નવો યુગ શરૂ કર્યો.૧૯૮૬માં યુક્રેનમાં થયેલી ચેર્નોબિલ દુર્ઘટના પહેલાં પણ બાબા વેંગાએ એક મોટી પરમાણુ આપત્તિની ચેતવણી આપી હતી. જ્યારે ચેર્નોબિલના રિએકટરમાં ભયાનક વિસ્ફોટ થયો, ત્યારે તેમની આ આગાહી પણ સાચી સાબિત થઈ, જેના કારણે પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય પર ગંભીર અસરો પડી હતી.બાબા વેંગાની સૌથી પ્રખ્યાત ભવિષ્યવાણીઓમાંની એક સપ્ટેમ્બર ૧૧, ૨૦૦૧ના રોજ અમેરિકા પર થયેલા આતંકવાદી હુમલા વિશેની હતી. તેમણે આ ઘટનાને ''સ્ટીલ બર્ડ્સ'' એટલે કે સ્ટીલના પક્ષીઓ દ્વારા કરવામાં આવેલો હુમલો ગણાવ્યો હતો, જે પાછળથી ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા હવાઈ હુમલા તરીકે ઓળખાયો અને વિશ્વને સ્તબ્ધ કરી દીધો.હાલમાં યુરોપ વિશેની તેમની આગાહીએ ચિંતાનું મોજુ ફેલાવ્યું છે. જો કે, બાબા વેંગાએ એશિયાના કોઈ પણ દેશ વિશે આગામી વર્ષોમાં ઈસ્લામિક શાસન સ્થપાવાની કોઈ આગાહી કરી નથી. ભારત અને નેપાળ જેવા દેશો, જ્યાં હિન્દુ ધર્મ પાળનારા લોકોની સંખ્યા વધુ છે, તેમના માટે આ એક રાહતનો સંકેત હોઈ શકે છે. તેમ છતાં, યુરોપમાં થનારા આ સંભવિત પરિવર્તનની વૈશ્વિક સ્તરે કેવી અસર પડશે તે જોવું રહ્યું.

# ગ્રીન કાર્ડ હશે તો પણ અમેરિકા છોડવું પડશે, ગ્રીન કાર્ડ કાયમી



વોશિંગ્ટન, તા.૧૭
અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા દેશમાં 'ગોલ્ડ કાર્ડ' પહેલનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યા બાદ ગ્રીન કાર્ડને લઈને નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ગ્રીન કાર્ડ ધારકોના અધિકારો પર ટિપ્પણી કરતાં ભારતીયોમાં ટેન્શન વધી ગયું છે. ટ્રમ્પની આ યોજના હેઠળ ૫ મિલિયન ડોલરના ખર્ચે વિદેશી ધનિકોને આ કાર્ડ આપવામાં આવશે, જે ઈમિગ્રેશનની એક નવી રીત ખોલશે.ટ્રમ્પની આ પહેલ બાદ ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે જણાવ્યું હતું કે ગ્રીન કાર્ડ ધારક હોવાનો અર્થ એ નથી કે વ્યક્તિને યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવાનો અનિશ્ચિત અધિકાર મળી જાય છે. તેમણે કહ્યું કે, "આ માત્ર અભિવ્યક્તિની સ્વતંત્રતા મુદ્દો નથી, પરંતુ આ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલો છે.'' વેન્સે વધુમાં કહ્યું કે, "અમેરિકી નાગરિક તરીકે આપણે નક્કી કરવાનું છે કે આપણા રાષ્ટ્રીય સમુદાયમાં કોનો સમાવેશ થાય છે.'' તેમના આ નિવેદનથી અમેરિકામાં કાયમી નિવાસની ઈચ્છા રાખતા અને ગ્રીન કાર્ડ ધરાવતા ભારતીયોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.વેન્સે યુનાઈટેડ સ્ટેટ્સના કાયદામાં ઉલ્લેખિત અમુક સંજોગોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ગ્રીન કાર્ડ રદ થઈ શકે છે. આમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ થવું, લાંબા સમય સુધી દેશમાં હાજર ન રહેવું અને ઈમિગ્રેશનના નિયમોનું યોગ્ય પાલન ન કરવું જેવી બાબતોનો સમાવેશ થાય છે. તેમના આ નિવેદનથી ગ્રીન કાર્ડની કાયમી રહેઠાણની સ્થિતિ અંગે અનિશ્ચિતતા વધી છે.દરમિયાન, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રસ્તાવિત 'ગોલ્ડ કાર્ડ' પહેલ વિદેશી નાગરિકો માટે અમેરિકામાં રહેવા અને કામ કરવાનો માર્ગ ખોલશે, પરંતુ તેના માટે તેમણે ૫ મિલિયન ડોલરની મોટી રકમ ચૂકવવી પડશે. ટ્રમ્પે તાજેતરમાં ઓવલ ઓફિસમાં કહ્યું હતું કે તેઓ 'ગોલ્ડ કાર્ડ' વેચવા જઈ રહ્યા છે. તેમણે આ કાર્ડને ગ્રીન કાર્ડનો જ એક પ્રકાર ગણાવ્યો હતો અને કહ્યું હતું કે તેનાથી ગ્રીન કાર્ડના તમામ વિશેષાધિકારો મળશે અને અમેરિકન નાગરિકતા પ્રાપ્ત કરવાનો માર્ગ પણ સરળ બનશે.ટ્રમ્પના આ પ્રસ્તાવ અને વેન્સના નિવેદનથી અમેરિકામાં ઈમિગ્રેશન નીતિઓમાં મોટા ફેરફારોની સંભાવના વધી ગઈ છે, જેના કારણે ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા અને હાલમાં ગ્રીન કાર્ડ ધરાવતા ભારતીયોની ચિંતામાં વધારો થયો છે. હવે જોવાનું એ રહેશે કે આ નવી પહેલ અને ચર્ચાઓ ઈમિગ્રેશન પ્રક્રિયા ઉપર કેવી અસર કરે છે.

# અમૃતસરમાં સુવર્ણ મંદિરમાં બે જૂથો વચ્ચે મારામારી

અમૃતસર, તા.૧૭
અમૃતસરમાં શીખોના પવિત્ર સ્થળ સુવર્ણ મંદિરમાં એક અજાણ્યા યુવકે પાંચ શ્રદ્ધાળુઓ પર લાકડી વડે હુમલો કર્યો હતો. શુક્રવારે બનેલી આ ઘટનામાં ભટિંડાના એક શીખ યુવકની હાલત ગંભીર હોવાનું કહેવામાં આવી રહ્યુ છે.

આ યુવાનની અમૃતસર ખાતે શ્રી ગુરુ રામદાસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ એન્ડ રિસર્ચના ઈમરજન્સી વિંગમાં સારવાર ચાલી રહી છે. સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે સુવર્ણ મંદિરમાં લોકો ઉપર હુમલો કરવાના આરોપી અને તેના સાથીદારની પોલીસે ધરપકડ કરી છે. એક પોલીસ અધિકારીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, બીજા આરોપીએ ભક્તો પર હુમલો કરનાર વ્યક્તિ સાથે મળીને રેકી કરી હતી.પોલીસના જણાવ્યા પ્રમાણે, આ હુમલો સમુદાયિક રસોડા પાસે સૌથી જૂના ગુરુ રામદાસ સરાઈની અંદર થયો હતો. શિરોમણી ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટીએ માહિતી આપી કે આરોપીઓએ અચાનક ભક્તો પર લાકડીથી હુમલો કરવાનું શરૂ કર્યું હતું.ડૉ. જસમીત સિંહે કહ્યું, 'દર્દીઓ દ્વારા અમને આપવામાં આવેલા નિવેદનો પ્રમાણે એક અજાણ્યા હુમલાખોરે પીડિતો ઉપર લાકડી દ્વારા હુમલો કર્યો. અમારી પાસે પાંચ દર્દીઓ મોકલવામાં આવ્યા હતા, જેમાંથી એક ગંભીર હાલતમાં છે અને ICUમાં છે જ્યારે બાકીના ચારની હાલત સ્થિર છે.'પીએસ કોતવાલીના SHO સરમેલ સિંહે જણાવ્યું હતું કે, 'શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટિએ ઝુલ્ફાન નામના વ્યક્તિને પોલીસના હવાલે કર્યો છે. સુવર્ણ મંદિર સંકુલમાં અથડામણ થઈ હતી, જેમાં બંને પક્ષના લોકો ઘાયલ થયા હતા. SGPC ના કાર્યકર્તાઓ પણ ઘાયલ થયા છે. કાયદાકીય રીતે તેમના ઉપર કાર્યવાહી કરવામાં આવશે.'

# હિમાચલપ્રદેશમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા ઉપર ૧૨ રાઉન્ડ ફાયરિંગ કરાયું

## ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રેલ્વે લાઈન બાંધકામ કંપનીની ઓફિસની બહાર પૂર્વ ધારાસભ્ય બમ્બર ઠાકુર ઉપર પણ હુમલો થયો હતો




બિલાસપુર, તા.૧૭
હિમાચલપ્રદેશના બિલાસપુરમાં કેટલાક અજાણ્યા લોકોએ કોંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્ય બમ્બર ઠાકુર પર ગોળીબાર કર્યો. આ ઘટના ત્યારે બની જ્યારે તે બિલાસપુર સ્થિત પોતાના નિવાસસ્થાને હાજર હતો. બામ્બર ઠાકુરને સારવાર માટે IGMC શિમલા લાવવામાં આવ્યા છે. બિલાસપુરમાં કેટલાક અજાણ્યા લોકોએ કોંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્ય બમ્બર ઠાકુર પર ગોળીબાર કર્યો. આ ઘટના ત્યારે બની જ્યારે તે બિલાસપુર સ્થિત પોતાના નિવાસસ્થાને હાજર હતો. આ દરમિયાન કેટલાક અજાણ્યા લોકો ત્યાં આવ્યા અને તેમના પર બંદૂકોથી ગોળીબાર કર્યો. ગોળી વાગવાથી પૂર્વ ધારાસભ્ય અને તેમના પીએસઓ ઘાયલ થયા હતા. બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પીએસઓની હાલત ગંભીર હોવાનું કહેવાય છે, જ્યારે ભૂતપૂર્વ ધારાસભ્યને આઈજીએમસી શિમલા રિફર કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે ગોળી વાગ્યા બાદ, બામ્બરને પહેલા સલામત સ્થળે લઈ જવામાં આવ્યો હતો, બાદમાં બામ્બરને પણ જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.હવે બામ્બર ઠાકુરને IGMC શિમલા રિફર કરવામાં આવ્યા છે, કારણ કે બામ્બર ઠાકુરે કહ્યું હતું કે તેમને AIIMS રિફર ન કરીને IGMC અથવા PGI રિફર કરવા જોઈએ. બામ્બર ઠાકુરને પગમાં ગોળી વાગી છે. ડેપ્યુટી કમિશનર આબિદ હુસૈન સાદિક જિલ્લા હોસ્પિટલ પહોંચી ગયા છે. દરમિયાન, પીએસઓને એઈમ્સ બિલાસપુર રિફર કરવામાં આવ્યા છે. પીએસઓની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. કહેવામાં આવી રહ્યું છે કે લગભગ 12 રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો.એસપી સંદીપ ધવલે પોતે પરિસ્થિતિનો હવાલો સંભાળ્યો. પોલીસે ટીમો બનાવી છે અને આરોપીઓની શોધખોળ કરી રહી છે. સીસીટીવી ફૂટેજ સ્કેન કરવામાં આવી રહ્યા છે. આ હુમલો બમ્બર ઠાકુરની પત્નીના સરકારી નિવાસસ્થાન પર થયો છે. બામ્બર ઠાકુરે કાર પાછળ છુપાઈને પોતાનો જીવ બચાવ્યો. બમ્બર ઠાકુરને બચાવતી વખતે પીએસઓને બે ગોળી વાગી. આ બાબતે મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ કહ્યું, "મેં બામ્બર ઠાકુર સાથે વાત કરી છે. મેં તેને AIIMS જવા કહ્યું, પણ જો તે IGMC આવવા માંગે છે તો તે તેનો અંગત અભિપ્રાય છે. મેં ડેપ્યુટી કમિશનરને ફરજ સોંપી છે કે તેઓ તેમને જ્યાં જવા માંગે ત્યાં લઈ જાય.

મેં સૂચના આપી છે કે જેણે પણ આ ગુનો કર્યો છે તેને બધા રસ્તા બંધ કરીને પકડી લેવામાં આવે."23 ફેબ્રુઆરી, 2024ના રોજ રેલ્વે લાઈન બાંધકામ કંપનીની ઓફિસની બહાર પૂર્વ ધારાસભ્ય બમ્બર ઠાકુર પર પણ હુમલો થયો હતો. આ સમય દરમિયાન, 11 આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યો હતો. આ હુમલા બાદ 20 જૂન 2024 ના રોજ બમ્બર ઠાકુર પરના હુમલાના મુખ્ય આરોપીને કોર્ટ પરિસરની બહાર ગોળી મારી દેવામાં આવી. આ કેસમાં પોલીસે બામ્બર ઠાકુરના પુત્ર સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી. આ પછી, 23 ફેબ્રુઆરીએ બમ્બર ઠાકુર પર થયેલા હુમલાના મુખ્ય આરોપીને પોલીસે 9 જાન્યુઆરીએ કારતૂસ કેસમાં ફરી એકવાર ધરપકડ કરી હતી. આ સમય દરમિયાન, બામ્બર ઠાકુરે આરોપ લગાવ્યો હતો કે તેમના પર ઘાતક હુમલો કરવાની તૈયારીઓ થઈ રહી હતી. આ પછી, ફરી એકવાર બામ્બર ઠાકુર પર ઘાતક હુમલો કરવામાં આવ્યો.

# નડિયાદમાં ફોર્ચ્યુનર કારના હિટ એન્ડ રનમાં યુવકનું કરૂણ મોત

નડિયાદ, તા.૧૭
વડોદરાના રક્ષિત કાંડની જેમ જ નડિયાદમાં એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, જેમાં યુવરાજ દિલીપ રાજપૂત નામના એક યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. આ ઘટના નડિયાદના વીકેવી રોડ પર બની હતી, જ્યાં એક કાળા કાચવાળી ફોર્ચ્યુનર કારે યુવકને ટક્કર મારી હતી અને ત્યારબાદ ચાલક અને તેમાં સવાર એક યુવતી ફરાર થઈ ગયા હતા.મૃતક યુવરાજ દિલીપ રાજપૂત માઈ મંદિર પાસે આવેલી ગિરિવર રેસીડેન્સીમાં રહેતો હતો અને તેના ૭ મહિના પહેલાં જ લગ્ન થયા હતા. યુવકના અકાળે થયેલા મોતથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.ઘટનાની જાણ થતાં જ નડિયાદ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે ફરાર કાર ચાલક અને યુવતીને પકડવા માટે તપાસ શરૂ કરી દીધી છે. પ્રાથમિક તપાસમાં અકસ્માતનું કારણ વધુ ઝડપ હોવાનું માનવામાં આવી રહ્યું છે.નડિયાદમાં ફરી એકવાર રફતારનો કહેર જોવા મળ્યો છે, જેને કારણે એક યુવાન જીવ અકાળે હોમાયો છે. પોલીસ હાલમાં ફોર્ચ્યુનર કારના માલિક અને તેમાં સવાર લોકોની ઓળખ મેળવવાના પ્રયાસો કરી રહી છે અને ટૂંક સમયમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવશે તેવી આશા છે. આ ઘટનાએ શહેરમાં ફરી એકવાર ટ્રાફિક નિયમોના પાલન અને વાહનોની ગતિ પર નિયંત્રણની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૪ માં ગુજરાતમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો, જેમાં ૧.૬૨ લાખથી વધુ લોકોને ઈજાઓ પહોંચી હતી અને તેઓને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. આ આંકડો વર્ષ ૨૦૨૩ની સરખામણીમાં ૫.૧૦% નો વધારો દર્શાવતો હતો, જ્યારે ૨૦૨૩ માં રાજ્યમાં ૧.૫૫ લાખથી વધુ લોકો માર્ગ અકસ્માતોમાં ઘાયલ થયા હતા.

# સોનાની દાણચોરી કેસમાં અભિનેત્રી રાન્યા રાવની જામીન અરજી ફગાવી

મુંબઈ, તા.૧૭
સોનાની દાણચોરીના ગંભીર કેસમાં આરોપી રાન્યા રાવની જામીન અરજી ખાસ કોર્ટે ફગાવી દીધી છે. ન્યાયાધીશ વિશ્વનાથ સી ગોવદારે આરોપોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ચુકાદો સંભળાવ્યો. હવે રાણ્યાના વકીલ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરવાની તૈયારી કરી રહ્યા છે.સોનાની દાણચોરીના ગંભીર કેસમાં આરોપી રાન્યા રાવની જામીન અરજી ખાસ કોર્ટે ફગાવી દીધી છે. તેમણે આર્થિક ગુનાઓ માટેની ખાસ અદાલતમાં જામીન અરજી દાખલ કરી હતી. આ ચુકાદો ન્યાયાધીશ વિશ્વનાથ સી ગોવદારે આપ્યો હતો, જેમણે આરોપોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.સોનાની દાણચોરીના એક હાઈ-પ્રોફાઈલ કેસમાં ધરપકડ કરાયેલ રાન્યા રાવે જામીન માટે કોર્ટમાં અપીલ કરી હતી. તેમની અરજી ફગાવી દેતી વખતે, કોર્ટે આરોપોની ગંભીરતા અને તપાસની સ્થિતિને ધ્યાનમાં લીધી. રાણ્યા હાલ ન્યાયિક કસ્ટડીમાં રહેશે અને તેના વકીલ હવે સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવાની તૈયારી કરી રહ્યા છે.રાન્યા રાવના વકીલે દલીલ કરી હતી કે કેસમાં તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને હવે તેને જામીન પર મુક્ત કરવો જોઈએ જેથી તે પોતાનો બચાવ મજબૂત કરી શકે, પરંતુ કોર્ટે અરજીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે આરોપો હજુ પણ ગંભીર છે અને ન્યાયિક પ્રક્રિયાનું પાલન કરવાની જરૂર છે.હવે રાન્યા રાવની કાનૂની ટીમ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરવાની તૈયારી કરી રહી છે. સેશન્સ કોર્ટનો નિર્ણય આવે ત્યાં સુધી રાન્યા રાવને જેલમાં રહેવું પડશે. આ કેસથી સોનાની દાણચોરીના નેટવર્ક અને તેની અસર અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે અને દેશની સુરક્ષા વ્યવસ્થા પર નવેસરથી નજર નાખવાની ફરજ પડી છે.રાન્યા રાવની ૪ માર્ચે ભારતમાં ૧૨ કરોડ રૂપિયાના ૧૪.૮ કિલો સોનાની દાણચોરી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. કન્નડ અભિનેત્રી દુબઈથી પરત ફરતી વખતે બેંગલુરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપર પકડાઈ ગઈ હતી.ડિરેકટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) એ ખાસ ડિઝાઈન કરેલા કમરના પટ્ટામાં છુપાવેલું સોનું જપ્ત કર્યું હતું. ત્યારબાદ, તેમના બેંગલુરુ નિવાસસ્થાનની તપાસ દરમ્યાન, ૨.૦૬ કરોડ રૂપિયાના સોનાના દાગીના અને ૨.૬૭ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી હતી, જેનાથી કુલ જપ્ત કરાયેલી સંપત્તિ ૧૭.૨૯ કરોડ રૂપિયા થઈ ગઈ.

# પ.બંગાળમાં પૂરપાટ દોડતી કારે એક પછી એક ૩ ઈ-રીક્ષા ફંગોળી નાખી : ૭ના મોત

## પોલીસ અને સ્થાનિકોના અહેવાલ અનુસાર એસયુવી ચાલક રોંગ સાઈડમાં પૂરપાટ ઝડપે કાર હંકારીને આવી રહ્યો હતો

નાદિયા, તા.૧૭
પ.બંગાળના નાદિયા જિલ્લામાં એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ મહિલાઓ અને એક બાળક સહિત કુલ ૭ લોકોએ જીવ ગુમાવ્યા અને ૮ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. માહિતી અનુસાર પૂરપાટ દોડતી એસયુવી કારે એક પછી એક ત્રણ ઈ રીક્ષાને ફંગોળી નાખતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પોલીસ અને સ્થાનિકોના અહેવાલ અનુસાર એસયુવી ચાલક રોંગ સાઈડમાં પૂરપાટ ઝડપે કાર હંકારીને આવી રહ્યો હતો જેના કારણે તેની લપેટમાં ત્રણ ઈ રીક્ષા આવી ગયા હતા જેમાં પેસેન્જર પણ સવાર હતા. જેના કારણે મોટી કરુણાંતિકા સર્જાી અને સાત લોકો ઘટનાસ્થળે મૃત્યુ પામી ગયા હતા જ્યારે આઠ અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમાંથી બેની હાલત હજુ ગંભીર છે એટલા માટે મૃત્યુઆંક પણ વધી શકે છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને ઘાયલોને તાત્કાલિક ધોરણે સ્થાનિકોની મદદથી નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાલમાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી દીધી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

GUVNL



# પીએમ સૂર્ય ઘર : મફત વીજળી યોજના

અંતર્ગત

# મોડલ સોલાર વિલેજ સ્પર્ધા

## સ્પર્ધાનો સમયગાળો

## ૧ એપ્રિલ ૨૦૨૫ થી 30 સપ્ટેમ્બર ૨૦૨૫

- **યોગ્યતા :** રેવન્યુ ગામ કે જેની વસતી **૫૦૦૦ થી વધુ** હોય (છેલ્લી વસ્તી ગણતરી મુજબ) તે તમામ આ સ્પર્ધામાં ભાગ લેવાની યોગ્યતા ધરાવે છે.
- ભારત સરકારના નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોત મંત્રાલય (MNRE)ની મોડલ સોલાર વિલેજની ગાઈડલાઈન મુજબ રેવન્યુ ગામની હદમાં સ્થાપિત સોલાર રૂફટોપ, PM KUSUM યોજના અંતર્ગત સ્થાપિત ગ્રાઉન્ડ માઉન્ટેડ સ્મોલ સ્કેલ RE પ્લાન્ટ અથવા એક જ સ્થળે સ્થાપિત 10MWથી ઓછી ક્ષમતાના RE પ્લાન્ટ આ તમામ દ્વારા સ્થાપિત વિતરિત પુનઃપ્રાપ્ય ઊર્જા (Distributed RE)ની સૌથી વધુ ક્ષમતા સ્થાપિત કરનાર ગામને મોડલ સોલાર વિલેજ તરીકે જાહેર કરવામાં આવશે.
- સંબંધિત ગામના નિયત સત્તાધિકારીએ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં ડિસ્ટ્રિક્ટ લેવલ સમિતિને અરજી કરવાની રહેશે.
- MNRE, ભારત સરકાર તરફથી **જિલ્લા દીઠ એક** મોડલ સોલાર વિલેજને સેન્ટ્રલ ફાઇનાન્સ આસિસ્ટન્સ (CFA) તરીકે **₹ ૧ કરોડ**ની રકમ મળવાપાત્ર રહેશે.

**યોજના ની વધુ વિગત માટે www.guvnl.com વિઝીટ કરો**

ફક્ત 1 વર્ષના ટૂંકાગાળામાં
**2.75+ લાખ**થી
વધુ લોકો દ્વારા
**1000 મેગાવોટથી વધુની**
સોલાર સિસ્ટમનું સ્થાપન

રહેણાંક ક્ષેત્ર માટે નાણાંકીય સહાય
**₹ 78,000*** સુધીની મર્યાદામાં

| | |
|---|---|
| ૧ KW → | ₹ 30,000 |
| ૨ KW → | ₹ 60,000 |
| 3 KW કે તેથી વધુ → | ₹ 78,000 |

જો તમે પણ તમારી છત પર રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવા ઇચ્છુક હોવ તો આજે જ
**https://pmsuryaghar.gov.in** વિઝીટ કરો

માન. વડાપ્રધાનશ્રીના
માર્ગદર્શન અને
માન. મુખ્યમંત્રીશ્રીના
નેતૃત્વ હેઠળ ગુજરાતના ગામો હવે
**મોડલ સોલાર વિલેજ**
બની દેશના અનેક ગામો માટે બનશે
**રોલ મોડલ**

**શ્રી કનુભાઈ દેસાઈ**
માન. મંત્રી - નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ
ગુજરાત સરકાર